પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૪૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૧-૧૦-૨૦૨૩ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com


પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# હમાસના લડવૈયાઓએ ઈઝરાયેલ તરફ ૫,૦૦૦ થી વધુ રોકેટ છોડ્યા પછી હજારો લોકો માર્યા ગયા

તેલઅવીવ,

ગાઝામાં હમાસના બંદૂકધારીઓ અને ઈઝરાયેલી સૈનિકો વચ્ચે ભીષણ લડાઈઓ તીવ્ર થતાં મૃત્યુઆંક ૧૬૦૦ને વટાવી ગયો છે. હમાસના લડવૈયાઓએ ઈઝરાયેલ તરફ ૫,૦૦૦ થી વધુ રોકેટ છોડ્યા પછી હજારો લોકો માર્યા ગયા અને ઘણાને ઘાયલ કર્યા હતા. ત્યાર પછી જેરુસલેમે ગાઝાને નાકાબંધી લાદીને સંપૂર્ણ રીતે બ્લોક કરી દેવાની જાહેરાત કરી છે. આ દરમિયાન, હમાસના કાસમ બ્રિગેડ્સે ગાઝામાં નાગરિકો પરના દરેક ઈઝરાયલી હુમલા માટે એક ઈઝરાયેલી બંધકને ફાંસી આપવાની ધમકી આપી છે.શનિવારના રોજ થયેલા ઓચિંતા હુમલાએ ઈઝરાયલની સૈન્ય અને ગુપ્તચર એજન્સીઓને સંપૂર્ણપણે ચોંકાવી દીધી હતી, કારણ કે હમાસના સેંકડો બંદૂકધારીઓ સરહદની વાડમાં છીંડા પાડીને ઘૂસી આવ્યા હતા.



ગાઝા પટ્ટીમાં આરોગ્ય મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે હમાસના ખતરનાક હુમલા બાદ ઈઝરાયેલના જવાબી હુમલામાં ૬૮૦ થી વધુ લોકો માર્યા ગયા છે. મંત્રાલયે કહ્યું કે ૩,૭૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. શનિવારના હુમલા પછી ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર હુમલો કર્યો છે, સેંકડો લક્ષ્યો પર હુમલો કર્યો છે અને મોટાપાયે વિનાશ શરૂ કરી દીધો છે.

ઈઝરાયેલ પર હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ હવે ઈઝરાયેલની સેના તેના ટાર્ગેટ પર ઝડપી હવાઈ હુમલા કરી રહી છે. આ શ્રેણીમાં ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે સોમવારે સાંજે આ ટાર્ગેટ પર હવાઈ હુમલાનો વીડિયો જાહેર કર્યો છે. સોશિયલ મીડિયા પર જાહેર કરાયેલા ૧૪ સેકન્ડના ફૂટેજમાં રહેણાંક કોલોની પર એક પછી એક અનેક મિસાઈલ હુમલાઓ જોઈ શકાય છે. ગાઝા પટ્ટીમાં ઓછામાં ઓછા છ વિસ્ફોટો પછી, ઘેરા બદામી ધુમાડાના વાદળોએ સમગ્ર વિસ્તારને આવરી લીધો.

આ વિડિયોમાં કેમેરો પછી એક સમયે ઘરો અને એપાર્ટમેન્ટ બ્લોક્સ હતા તેવા કોંક્રિટના ધુમાડાવાળા ગોળા બતાવવા માટે પેન અને ઝૂમ કરે છે. એવું લાગે છે કે આ સમગ્ર વિસ્તાર સંપૂર્ણપણે સમતળ થઈ ગયો છે. આ સમયગાળા દરમિયાન ત્યાં કોઈ હિલચાલ થઈ રહી નથી.

બીજી બાજુ, હમાસે સોમવારે કહ્યું કે તેણે ઈઝરાયેલના હવાઈ હુમલાના જવાબમાં ઈઝરાયેલના દક્ષિણી શહેરો અશ્દોદ અને અશ્કેલોન તરફ ૧૨૦ રોકેટ છોડ્યા. ઈઝરાયેલની કટોકટી સેવાઓ અનુસાર, ગાઝાની ઉત્તરે આવેલા અશ્કેલોનમાં ચાર લોકો ઘાયલ થયા હતા, જ્યારે અશ્દોદમાં એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી.

ઈઝરાયેલમાં હમાસના હુમલા બાદ ઈઝરાયેલની સેના ગાઝા પટ્ટી પર સતત બોમ્બમારો કરી રહી છે.

## જો ગાઝા પર હુમલા બંધ નહીં થાય તો દરેક બંધકને મોતનો સામનો કરવો પડશે, હમાસે ઈઝરાયેલને હવાઈ હુમલા પર ધમકી આપી

ઈઝરાયેલના બોમ્બમારાથી ગાઝા પટ્ટીમાં મોટાપાયે વિનાશ થયો છે. જેમાં હમાસના ૪૭૫ રોકેટ સિસ્ટમ અને ૭૩ કમાન્ડ સેન્ટર પણ નષ્ટ કરવામાં આવ્યા છે. આ દરમિયાન ઈઝરાયેલના મીડિયામાં દાવો કરવામાં આવ્યો છે કે ઈઝરાયેલની સરહદમાં ઘૂસી ગયેલા હમાસના ૧૫૦૦ આતંકવાદીઓ માર્યા ગયા છે.

ઈઝરાયેલની ટીવી ચેનલ ૧૩ ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે પેલેસ્ટિનિયન આતંકવાદીઓના લગભગ ૧,૫૦૦ મૃતદેહો ઈઝરાયેલના વિસ્તારમાં વિખરાયેલા છે. ઈઝરાયેલના સંરક્ષણ દળોએ અંદાજ લગાવ્યો છે કે શનિવારે સવારથી ઈઝરાયેલમાં ઘૂસણખોરી કરનારા સેંકડો હમાસ અને પેલેસ્ટિનિયન ઈસ્લામિક જેહાદી બંદૂકધારીઓને સૈન્યએ મારી નાખ્યા છે.

ઈઝરાયેલે ૨૩ ઈમારતો પર પણ હુમલો કર્યો જેનો ઉપયોગ હમાસના આતંકવાદીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. આ સિવાય હમાસના ૨૨ અંડરગ્રાઉન્ડ ઠેકાણાઓને પણ નષ્ટ કરવામાં આવ્યા હતા. પેલેસ્ટાઈનના આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે ગાઝામાં ઈઝરાયેલના બોમ્બ ધડાકામાં ૭૦૪ પેલેસ્ટાઈન માર્યા ગયા હતા, જેમાં ૧૪૩ બાળકો અને ૧૦૫ મહિલાઓનો સમાવેશ થાય છે. જ્યારે ૪,૦૦૦ લોકો ઘાયલ થયા છે.ઈઝરાયેલ બદલો લેવાના મૂડમાં છે. ગાઝા પટ્ટીમાં ખોરાક, પાણી, વીજળી અને ઈંધણનો પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે. ઈઝરાયેલએ તેની સેનાને સમગ્ર ગાઝા પટ્ટી પર કબજો કરવાનો આદેશ આપ્યો છે. ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં હમાસના ટાર્ગેટ પર હવાઈ હુમલાઓ વધુ તીવ્ર કર્યા છે. આ હુમલાઓ વચ્ચે હમાસે ઈઝરાયેલ સરકારને ધમકી આપી છે. હમાસની સશસ્ત્ર પાંખના પ્રવક્તા અબુ ઉબૈદાએ કહ્યું કે જો ઈઝરાયેલ બોમ્બ ધડાકા બંધ નહીં કરે તો બંધક બનેલા ઈઝરાયલી નાગરિકોની હત્યા શરૂ થઈ જશે. દરેક હવાઈ હુમલા માટે, એક બંધકને ફાંસી આપવામાં આવશે.શનિવારે હમાસે ટૂંકા ગાળામાં જ ઈઝરાયેલ પર ઓછામાં ઓછા ૫ હજાર રોકેટ છોડ્યા હતા. હમાસના લડવૈયાઓએ ઈઝરાયેલના નાગરિકો સહિત કેટલાક વિદેશીઓને બંધક બનાવ્યા છે. હમાસના આતંકવાદીઓ દ્વારા લડવૈયાઓ મહિલાઓ અને બાળકો સહિત ઘણા લોકોને ગાઝા પટ્ટીમાં લઈ ગયા હતા. ઈઝરાયેલી સરકારે રવિવારે ઔપચારિક રીતે હમાસ સામે યુદ્ધની ઘોષણા કરી અને આતંકવાદી જૂથના અભૂતપૂર્વ હુમલાનો બદલો લેવા માટે "નોંધપાત્ર લશ્કરી પગલાં" લેવાની મંજૂરી આપી.અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને કહ્યું કે અમેરિકા સંપૂર્ણપણે ઈઝરાયેલની સાથે છે. અમે તેમને ટેકો આપવામાં ક્યારેય નિષ્ફળ જઈશું નહીં. આજે સવારે જ્યારે મેં વડા પ્રધાન નેતન્યાહુ સાથે વાત કરી.

## ગુજરાતમાં આજના દિવસમાં કુલ ૧૪ લોકોનાં મૃત્યુ

# દાહોદમાં ૬, સુરેન્દ્રનગરમાં ૫, જામનગરમાં ૨, મોરબીમાં ૧ નું રોડ અકસ્માતમાં મોત

અમદાવાદ,

આજે રાજ્યમાં ચાર જગ્યાએ અકસ્માતની ઘટના બની છે. સુરેન્દ્રનગરના લખતર હાઈવે પર અકસ્માતમાં કારમાં સવાર તમામ પાંચ લોકોના મૃત્યુ થઈ ગયા છે. તો દાહોદના ગરબાડા-અલીરાજપુર હાઈવે પર ટ્રક અને રિક્ષા વચ્ચે થેયલાં અકસ્માતમાં છ લોકોના ઘટના સ્થળે મૃત્યુ થયા છે અને એક વ્યક્તિ ઘાયલ થયો છે. જામનગરમાં બે કાર વચ્ચે અકસ્માતમાં દંપતીનું મૃત્યુ થયું છે. અને અન્ય ત્રણ લોકો ઈજાગ્રસ્ત છે. તો મોરબી જિલ્લાના માળિયાના ત્રણ પદયાત્રીઓને ડમ્પર ચાલકે અડફેટે લીધા હતા. હરીપર પાસે થયેલાં અકસ્માતમાં એક યુવકનું મૃત્યુ થયું છે. ત્રણ ઈજાગ્રસ્ત થયો છે. સાતેય યુવક પગપાળા માતાના મઢે દર્શન કરવા જતા હતા ત્યારે તેમના પર ડમ્પર ફરી વળ્યુ હતુ.



જામનગરમાં બે કાર વચ્ચે અકસ્માતમાં પતિ-પત્નીનું મોત થયું છે. ચેલાથી ચંદ્રગઢ વચ્ચે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. દોઢીયાથી રામપર શ્રાદ્ધ માટે જતા પરિવારને અકસ્માત નડ્યો છે. ઘાયલોને સારવાર માટે જામનગર જીજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મોરબી જિલ્લાના માળિયા તાલુકામાં ત્રણ પદયાત્રીને ડમ્પર ચાલકે અડફેટે લીધા હતા. હરીપર પાસે સર્જાયેલ અકસ્માતમાં એક યુવકનુ મૃત્યુ તેમજ ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા છે. વાંકાનેરના સમઢીયાળા-રાતડીયા ગામના રહેવાસી સાતેય યુવકો હતા. ૭ યુવકો પગપાળા માતાના મઢે દર્શન કરવા જતા હતા તે સમયે ત્રણને ડમ્પરે અડફેટે લીધા હતાં.

દાહોદના ગરબાડા-અલીરાજપુર હાઈવે પર એક દર્દનાક અને કાળજું કંપાવી દે તેવી મર્ગ અકસ્માતની ઘટના બની છે. વિગતો મુજબ પાટીયાઝોલ તળાવ પાસે રીક્ષા અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ તરફ આ દર્દનાક અકસ્માતમાં એકસાથે ૬ વ્યક્તિના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યાં છે. અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી હોઈ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતાં જ ગરબાડા પોલીસ સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

સુરેન્દ્રનગર-લખતર હાઈવે પર અકસ્માતની ઘટના સામે આવી છે. વિગતો મુજબ ઝમર ગામ પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ઘટના સ્થળે જ કારમાં સવાર ૫ વ્યક્તિના મોત થયા હતા.

## યુદ્ધ વચ્ચે ઈઝરાયલના PMએ મોદીને ફોન કર્યો

# ભારતના લોકો આ મુશ્કેલ સમયમાં ઈઝરાયલની સાથે મજબૂતીથી ઉભા છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચેનું યુદ્ધ સમગ્ર વિશ્વમાં ચર્ચાનો વિષય છે. હમાસના હુમલાની તમામ દેશો ટીકા કરી રહ્યા છે. આ દરમિયાન ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ વિશ્વભરના નેતાઓને યુદ્ધની સ્થિતિ વિશે માહિતગાર કરી રહ્યા છે અને તેમણે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ ફોન કર્યો છે. નેતન્યાહુએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી છે. આ પછી પીએમ મોદીએ પોતે આ માહિતી આપી અને કહ્યું કે ઈઝરાયેલની વર્તમાન પરિસ્થિતિ વિશે મને અપડેટ



કરવા માટે હું નેતન્યાહૂનો આભાર માનું છું.

પીએમ મોદીએ પોતાના ટ્વીટમાં લખ્યું, 'હું વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂનો તેમના ફોન કોલ અને વર્તમાન પરિસ્થિતિ અંગે અપડેટ આપવા બદલ આભાર માનું છું. ભારતના લોકો આ મુશ્કેલ સમયમાં ઈઝરાયેલની સાથે મજબૂતીથી ઉભા છે.

આ પહેલા પણ ભારતીય પીએમ મોદીએ ઈઝરાયેલ સાથે એકતા વ્યક્ત કરી હતી. પીએમ મોદીએ તેને 'આતંકવાદી હુમલો' ગણાવીને આકરી નિંદા કરી હતી. વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે આ મુશ્કેલ સમયમાં અમે ઈઝરાયેલ સાથે એકતામાં ઊભા છીએ. પીએમ મોદીએ એમ પણ કહ્યું હતું કે ઈઝરાયેલમાં આતંકવાદી હુમલાના સમાચારથી ઊંડો આઘાત લાગ્યો છે. અમારા વિચારો અને પ્રાર્થના નિર્દોષ પીડિતો અને તેમના પરિવારો સાથે છે.

આ પહેલા સોમવારે પોતાના સંબોધનમાં ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તે તમામ દેશોનો આભાર માન્યો જે ઈઝરાયેલને સમર્થન આપી રહ્યા છે. જો કે એ વાત સાચી છે કે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ વિશ્વ માટે એક મોટા સંકટ તરીકે ઉભરી આવ્યું છે. યુક્રેન યુદ્ધની જેમ વિશ્વ આ મુદ્દે પણ વિભાજિત જણાય છે. ઘણા દેશોએ પેલેસ્ટાઈનને સમર્થન આપ્યું છે ત્યારે અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને ઈટાલી ખુલ્લેઆમ ઈઝરાયલને સમર્થન આપી રહ્યા છે.

# ગુજરાતમાં જમીન સંપાદનનું કામ ૧૦૦ ટકા પૂર્ણ, રાજ્યના ૮ જિલ્લાઓમાં કામગીરી હાથ ધરાઈ

અમદાવાદ,

બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, ગુજરાતમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદનનું કામ ૧૦૦ ટકા પૂર્ણ થઈ ગયું છે. નોંધનીય છે કે, રાજ્યના ૮ જિલ્લાઓમાં જમીન સંપાદનની કામગીરી હાથ ધરાઈ હતી. આ તરફ હજી ટેકનિકલ ખામીને કારણે મુંબઈમાં જમીન સંપાદન બાકી છે. જેને લઈ હવે આગામી દિવસોમાં મુંબઈમાં પણ જમીન સંપાદનની કાર્યવાહી આગળ વધશે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈ બુલેટ રફતાર વચ્ચે ગુજરાતમાં ૧૦૦% જમીન સંપાદન પૂર્ણ થઈ ચૂક્યું છે. વિગતો મુજબ રાજ્યમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈને જમીન સંપાદનની કામગીરી પૂર્ણ થઈ છે. જેમાં ગુજરાતના ૮ જિલ્લામાં ૯૫૧.૧૪ હેક્ટર જમીન સંપાદન કરવામાં આવી છે. જોકે મુંબઈમાં ટેક્નિકલ ખામીને લઈને જમીન સંપાદન બાકી હોવાથી હવે આગામી સમયમાં મુંબઈમાં પણ જમીન સંપાદનનું કાર્ય આગળ વધારાશે.

# નવરાત્રીમાં રાતના ૧૨ વાગ્યા બાદ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ, અમદાવાદ પોલીસનું જાહેરનામું

અમદાવાદ,

નવરાત્રીને લઈ અમદાવાદ પોલીસ કમિશ્નર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. વાત જાણે એમ છે કે, ગરબા રસિકો માટે નવરાત્રી પહેલા એક મોટા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ પોલીસના જાહેરનામા મુજબ હવે નવરાત્રીમાં રાત્રે ૧૨ વાગ્યા બાદ લાઉડ સ્પીકડ વગાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મહત્વનું છે કે, આ જાહેરનામું નવરાત્રીના પ્રથમ નોરતાંથી લઈ દશેરા સુધી લાગુ પડશે.



અમદાવાદમાં અનેક જ જગ્યાએ નવરાત્રી દરમિયાન ગરબાનું આયોજન થયું હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ હવે અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ તરફ અમદાવાદ પોલીસ કમિશ્નર દ્વારા નવરાત્રીને લઈ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ આગામી તારીખ ૧૫થી ૨૪ ઓક્ટોબર સુધી અમદાવાદમાં રાત્રે ૧૨ વાગ્યા પછી લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# ભારતનો વિકાસ દર ૨૦૨૩ અને ૨૦૨૪માં ૬.૩% રહેવાનો અંદાજ

નવીદિલ્હી,

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)એ મંગળવારે નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે ભારતની વૃદ્ધિનું અનુમાન એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં અપેક્ષિત કરતાં વધુ હોવાનો ઉલ્લેખ કરીને ૬.૧% થી વધારીને ૬.૩% કર્યો છે.આઈએમએફ દ્વારા કરવામાં આવેલો આ ફેરફાર ભારતના ડેટામાં કરવામાં આવેલા ઘણા ફેરફારોમાં નવીનતમ છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અનુમાન મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે ભારતનો વિકાસ દર ૬.૫%ની આસપાસ રહી શકે છે. ૨૦૨૫ માટે વૃદ્ધિ અનુમાન ૬.૩% પર યથાવત રાખવામાં આવ્યું છે.આઈએમએફ અનુસાર, ભારત આવનારા સમયમાં સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની રહેશે.

આઈએમએફએ મંગળવારે વર્લ્ડ ઈકોનોમિક આઉટલુકમાં કહ્યું કે ભારતનો વિકાસ દર મજબૂત રહેશે. ૨૦૨૩ અને ૨૦૨૪માં તે ૬.૩% રહેવાનો અંદાજ છે. આ એપ્રિલથી જૂન-ક્વાર્ટરમાં અપેક્ષા કરતાં વધુ સારા વપરાશના આંકડાને કારણે છે. આઈએમએફએ તેની તાજેતરની આગાહીમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવનો સમાવેશ કર્યો નથી.

ભારતીય અર્થવ્યવસ્થાએ એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં પાછલા વર્ષની સરખામણીમાં ૭.૮ ટકાની વૃદ્ધિ નોંધાવી છે.આઈએમએફ દ્વારા ભારતના વિકાસ અનુમાનમાં તાજેતરનો વધારો એપ્રિલમાં કરવામાં આવેલા તેના અંદાજ કરતાં ૦.૪% વધુ છે. વિશ્વ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે ભારતનો વિકાસ દર ૬.૩ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે.

# બ્રિટીશ વડાપ્રધાન ઓકટોબર માસના અંતમાં નવી દિલ્હી-લખનૌની મુલાકાત લઈ શકે છે

નવીદિલ્હી,

જી-૨૦ની સફળતા બાદ વધુ એક વખત વિદેશી મહેમાનોના ભારત પ્રવાસનો પ્રારંભ થશે અને બ્રિટીશ વડાપ્રધાન ઓકટોબર માસના અંતમાં નવી દિલ્હી-લખનૌની મુલાકાત લઈ શકે છે. બન્ને દેશોમાં લાંબા સમયથી 'ફ્રી ટ્રેડ' એગ્રીમેન્ટની ચર્ચા ચાલી રહી છે અને હવે તેમાં આખરી નિર્ણય માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા બ્રિટીશ પીએમ રીશી સુનક વચ્ચે તા.૨૯-૩૦ ઓકટોબરના શિખર બેઠક યોજાઈ શકે છે. તા.૨૯ના ક્રિકેટ વર્લ્ડકપનો ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેનો મેચ લખનૌમાં રમાવાનો છે અને સંભવત આ મેચ નિહાળવા બન્ને વડાપ્રધાન લખનૌ પણ જઈ શકે છે. હાલમાં ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો જે રીતે વણસ્યા છે તેમાં ઉપરાંત ઈઝરાયેલ- હમાસ યુદ્ધના સંદર્ભમાં આ મુલાકાત મહત્વની છે જે કેનેડાએ ભારત સાથેની ફ્રી-ટ્રેડ-એગ્રીમેન્ટ વાતચીત સ્થાપિત કરી છે ભારત તે બ્રિટન સાથે શકય બને તે જોવા આતુર છે.

# નવસારી GST વિભાગે બોગસ બિલિંગના મામલે દરોડા પાડ્યા

નવસારી,

નવસારી જીસટી વિભાગે બોગસ બિલિંગના મામલે નવસારીમાં દરોડા પાડ્યા છે. હાલમાં જીએસટી વિભાગ દ્વારા રાજ્યભરમાં દરોડાની કાર્યવાહી ચાલી રહી છે તેના અનુસંધાનમાં જ નવસારીમાં દરોડા પાડવામાં આવ્યા છે. નવસારીમાં જીએસટી વિભાગના દરોડાના પગલે વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. નવસારીમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટનું કૌભાંડ ચાલતું હોવાનું જીએસટી વિભાગ માને છે. બોગસ બિલિંગ દ્વારા આ પ્રકારનું કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે.

જીએસટી વિભાગની દરોડાની કાર્યવાહી ફક્ત નવસારી પૂરતી જ સીમિત નથી. મરોલી પંઠકમાં પણ જીએસટી વિભાગના અધિકારીઓએ ધામા નાખ્યા છે. ગુપ્તા ટ્રાન્સપોર્ટ પર જીએસટી ટીમ ત્રાટકી છે. જીએસટીના અધિકારીઓની ટીમ છેલ્લા પાંચ કલાકથી ત્યાં સર્ચ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે હાલમાં રાજ્યભરમાં સ્ટેટ જીએસટીના દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. આ દરોડાના પગલે અત્યાર સુધીમાં આઠ કરોડ રૂપિયાથી પણ વધારે રકમની કરચોરી પકડાઈ છે.

રાજ્યમાં જીએસટીને લઈને મોટાપાયા પર બોગસ બિલિંગ કરવામાં આવીને ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવાનું વ્યવસ્થિત કૌભાંડ ચાલી રહ્યુ છે. તેને ધ્યાના રાખીને જીએસટી વિભાગે આ કાર્યવાહી આરંભી છે. અમદાવાદ, સુરત, ગાંધીનગરમાં પણ જીએસટી વિભાગે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ. બોગસ બિલિંગના કૌભાંડને લઈને આ તપાસ આદરવામાં આવી છે. અંદાજે ૪૦થી વધારે જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા છે. તેના પગલે કરોડો રૂપિયાની ટેક્સ ચોરીનો પર્દાફાશ થયો છે. હજી પણ કાર્યવાહી ચાલુ જ છે. તેથી જીએસટી વિભાગને આશા છે કે હજી પણ કરોડો રૂપિયાની કરચોરી પકડાઈ શકે છે.


અભિનંદન....

પંચમહાલ સમાચાર
દૈનિક

૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

આર. એચ. વણકર

તરફથી અભિનંદન....

મુ. કાલોલ,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભિનંદન....

પંચમહાલ સમાચાર
દૈનિક

૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

એસ. કે. વણકર

તરફથી અભિનંદન....

મુ. કાલોલ,
તા. કાલોલ,
જી. પંચમહાલ


## સભ્ય, પાવાગઢ યાત્રાધામ અને ટુરીઝમ ડેવલોપમેન્ટ સોસાયટી અને મામલતદાર હાલોલની કચેરી
## જાહેર નિવીદા નંબર-૧, સને.૨૦૨૩-૨૪

કલેકટરશ્રી અને અધ્યક્ષ, પાવાગઢ યાત્રાધામ અને ટુરીઝમ ડેવલોપમેન્ટ સોસાયટી વતી મામલતદાર હાલોલ દ્વારા આગામમી આસો નવરાત્રી–૨૦૨૩ તેમજ આગામી દિવાળીના તહેવારોની ઉજવણી દરમ્યાન

(૧) માંચી ચોક ખાતે આવેલ વણઝારા વાસ, પાવાગઢ, તા.હાલોલના કુલ–૧૪ સ્ટોલની ફુડ બજાર તા.૧૫/૧૦/૨૦૨૩ થી તા.૩૦/૧૧/૨૦૨૩ માટે હંગામી ધોરણે ફાળવવા અંગેની જાહેર હરાજી તા.૧૨/૧૦/૨૦૨૩ના રોજ બપોરના ૦૩:૦૦ કલાકે નીચે જણાવેલ સ્થળે રાખેલ છે. સદર હરાજીમાં ભાગ લેનાર ઈસમોએ રૂા.૧૦,૦૦૦ (અંકે રૂપિયા દસ હજાર પુરા) ની ડીપોઝીટની રકમ જમા કરાવી ભાગ લઈ શકશે. હરાજીની શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

(૨) મોજે : ચાંપાનેર તા.હાલોલ, જિ.પંચમહાલના રે.સ.ન.૧/૧અ/પૈકી ૧૬ (બસ સ્ટેશન પાસે, ચાંપાનેર) વાળી જગામાં હંગામી ધોરણે વાહનો પાર્કિંગ વ્યવસ્થાપન માટે તા.૧૫/૧૦/૨૦૨૩ થી તા.૩૦/૧૧/૨૦૨૩ સુધી ફાળવવા અંગેની જાહેર હરાજી તા.૧૨/૧૦/૨૦૨૩ ના રોજ સવારના ૧૨:૦૦ કલાકે નીચે જણાવેલ સ્થળે રાખેલ છે. સદર હરાજીમાં ભાગ લેનાર ઈજારદારોએ રૂા.૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ની ડીપોઝીટની રકમ જમા કરાવી ભાગ લઈ શકશે. હરાજીની શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

હરાજીનું સ્થળ : કોન્ફરન્સ હોલ, પ્રાંત કચેરી, હાલોલ
મામલતદાર કચેરી હાલોલ, કમ્પાઉન્ડમાં
તાલુકો : હાલોલ, જિ.પંચમહાલ
તારીખ : ૧૨/૧૦/૨૦૨૩

બી.એમ. જોષી
સભ્ય
પાવાગઢ યાત્રાધામ અને ટુરીઝમ ડેવલોપમેન્ટ
સોસાયટી અને મામલતદાર હાલોલ

માહિતી/ગોધરા/૫૪૪/૨૦૨૩

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# બાલાસિનોર કોલેજમાં રોમિયોગીરી વધી : રોડ પર અનેક બાઈક ચાલકો સ્ટંટ કરી રહ્યા છે


તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

બાલાસીનોર,

બાલાસિનોર સેવાલિયા રોડ પર આવેલી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા અનેક રોમિયોગીરી બતાવતા હોય તેમ પોતાની બાઈકના સ્ટંટ કરી વાહનચાલકોને હેરાન પરેશાન કરી રહ્યા છે.

મળતી વિગતો અનુસાર બાલાસિનોર સેવાલિયા રોડ ખાતે આર્ટસ કોમર્સ અને સાયન્સની કોલેજ આવેલી છે. જેમાં આ કોલેજમાં વિદ્યાર્થીઓને છૂટવાના સમયે અમુક રોમિયોગીરી બતાવવા માટે વિદ્યાર્થીનીઓ આગળ બાઈકના સ્ટંટ કરી હેરાન કરવાના કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે આ માર્ગ પર હોસ્પિટલ સહિત શાળાઓ આવેલી છે, ત્યારે વાહન ચાલકો અને દર્દીઓ સાથે શાળાના બાળકોને આવા રોમિયોગીરી બતાવતા ઈસમો સામે પોલીસ કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠી છે. જ્યારે બીજી તરફ આ માર્ગ પર આવતી શાળામાં ધોરણ ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓ શાળામાં પોતાનું ખાનગી વાહન લઈને આવી રહ્યા છે. જેમાં વિદ્યાર્થીઓને વાહનનું લાઈસન્સ ના હોવો છતાં પણ જાહેર માર્ગ પર વાહનો ચલાવી રહ્યા છે. ત્યારે મહીસાગર જીલ્લા આરટીઓ વિભાગ દ્વારા સમગ્ર બાબતે તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

# ARTO લુણાવાડા ખાતે ફોર વ્હિલર વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરની ઓનલાઈન હરાજી શરૂ કરવામાં આવશે

મહિસાગર,

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, લુણાવાડા મહિસાગરની અખબારી યાદીમાં જણાવ્યાનુસાર મહિસાગર જીલ્લાની જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, આગામી નવા રજીસ્ટર થતા ટુ વ્હિલર(મોટર સાઈકલ) સીરીઝ GJ35-P અને GJ35-M તથા ફોર વ્હિલર GJ35-h Aઅને GJ35-N વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરની ઓનલાઈન હરાજી શરૂ કરવામાં આવનાર છે. જેથી ઓનલાઈન હરાજીનો મહત્તમ લાભ લેવા જણાવવામાં આવે છે.

ઈ-ઓકશન પ્રક્રિયા ઓનલાઈન અરજી કરવાની તારીખ ૧૮/૧૦/૨૦૨૩ થી ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૦/૧૦/૨૦૨૩ સાજે ૦૩:૫૯ કલાક સુધી રહેશે.ઈ-ઓકશન શરૂ તારીખ ૨૦/૧૦/૨૦૨૩, થી અને ઈ-ઓકશન સમાપ્ત તારીખ ૨૨/૧૦/૨૦૨૩ સાંજે ૦૪:૦૦ કલાક સુધી રહેશે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવવા માટે Https://vahan.parivehan.gov.in/fancy પર નોંધણી યુઝર આઇ.ડી અને પાસવર્ડ મેળવી વાહન વ્યવહાર કમિશ્નરની કચેરીના પરિપત્ર ક્રમાંક નં.આઇ.ટી/પસંદગી નંબર/Online auction/૭૪૨૧ તા.૧૨/૧૦/૨૦૧૭ Appendix-A(આ સાથે સામેલ છે) ની સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે અરજદારએ હરાજીની પ્રક્રિયા પુરી થયાના ૫ દિવસમાં બીડ અમાઉન્ટના નાણા જમા કરાવવના રહેશે.અરજદાર જો આ નિયત મર્યાદામ નાણા ચૂકવવામાં નિષ્ફળ જશે તો મૂળ રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે જેમાં અરજદાર કોઇ વાંધો લઇ શકશે નહીં. અસફળ અરજદારએ રીફંડ માટે જે તે અરજદારના ખાતામાં SBI e-pay દ્વારા અત્રેની કચેરી દ્વારા પરત કરવામાં આવશે.

# પંચમહાલ જીલ્લામાં ૩૧ માર્ચ ૨૦૨૨ પહેલા ઈ શ્રમ પોર્ટલ પર નોધાયેલ હોય તેવા અને આ સમય પહેલા મૃત્યુ કે અપંગતા પામેલ વ્યકિતના પરિવારજનોને સહાય મેળવવા બાબત

ગોધરા,

ભારત સરકારના શ્રમ મંત્રાલય,નવી દિલ્હી દ્વારા તા.૨૬ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ નેશનલ ડેટાબેઝ ઓફ અનઓર્ગેનાઈઝેશન વર્કર્સ (NDUW) પ્રોજેકટ અંતર્ગત અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરવા માટે eshram.gov.in પોર્ટલને લોન્ચ કરાયું હતું.

સરકાર દ્વારા Mechanism to Provide ex-gratia payament to eligible e-Shram Registrants સંદર્ભે માર્ગદર્શીકા પણ જાહેર કરેલી છે. જે મુજબ તા.૩૧/૦૩/૨૦૨૨ પહેલા ઈ શ્રમ પોર્ટલ પર નોંધાયેલ હોય અને નોંધણી કરાવ્યા બાદ તા.૩૧/૦૩/૨૦૨૨ પહેલા અકસ્માત થયેલ હોય અને તેમાં મૃત્યુ કે સંપુર્ણ આંશિક અપંગતાના કિસ્સામાં અસંગઠિત શ્રમયોગીઓને કે તેમના વારસદારોને લાભ મળવાપાત્ર થાય છે. કલેઈમની પ્રક્રિયા એક્સ ગ્રેશીયા પ્રોડ્યુલ પોર્ટલ પર ઓનલાઈન કરવાની થાય છે, જે માટે મદદનીશ શ્રમ કમિશ્નરની કચેરી અધિકૃત કરવામાં આવેલ છે.

સરકારની માર્ગદર્શિકા અનુસાર ઈ-શ્રમ એક્સ ગ્રેશીયા મોડ્યુલ અંતર્ગત ક્લેમના મોનીટરીંગ અને રિવ્યુ માટે દરેક જીલ્લાએ ડીસ્ટ્રીકટ લેવલ કમિટીની રચના કલેકટરની અદયક્ષતામાં કરવામાં આવેલી છે. પંચમહાલ જીલ્લામાં પણ આ કમિટીની રચના કરેલી છે.

પંચમહાલ જીલ્લાના અરજદારો કલેમ કરવા અંગે તા. ૩૧/૦૩/૨૦૨૨ પહેલા ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણી કરાવેલ હોય અને આ સમય પહેલા અકસ્માત કે મૃત્યુ થયેલ હોય તો તેમના પરિવારજનોએ મૃત્યુના કેસમાં કલેમ કરવા આધાર નંબર, UAN કાર્ડ નંબર, મૃત્યુનું પ્રમાણપત્ર, મૃત્યુનું કારણ દર્શાવતું પ્રમાણપત્ર, Fir /પંચનામુ, પોસ્ટ મોર્ટમ રિપોર્ટ, જો કલેમ માઈનોર વ્યક્તિનો કરવાનો હોય તો કોર્ટ દ્વારા અપાયેલ ગાર્ડિયન અંગેનું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.
જો સંપુર્ણ/આંશીક અપંગતા અંગે કલેમ કરવાનો હોય તો આધાર નંબર, UAN CARD નંબર, હોસ્પિટલનો રેકર્ડ, અસ્માતને કારણે વિકલાંગતા સર્ટિફીકેટ, વિગેરે. અધિકૃત કર્મચારી દ્વારા અપાયેલ અપંગતા પ્રમાણપત્ર, ભારત સરકારના વિભાગ દ્વારા અપાયેલ યુનિક ડિસેબીલીટી આઈડેન્ટીટી કાર્ડ રજૂ કરવાના રહેશે. આ અંગે વધુ માહિતી માટે જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગોધરા ખાતે હેલ્પ ડેસ્કનો સંપર્ક કરી શકશે. અરજદારને મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં રૂ.૨ લાખની સહાય તથા આંશિક અપંગતાના કિસ્સામાં રૂ.૧ લાખની સહાય મળવાપાત્ર થાય છે તેમ અધિક ચીટનીશ ટુ કલેકટર પંચમહાલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# દે.બારીયા સરકારી હોસ્પિટલમાં ડેન્ગ્યુની તપાસણી કરાતી કીટનું લેબોરેટરીમાં અભાવના કારણે ગરીબ જનતાને મુશ્કેલીઓ વધી...?

દે.બારીયા,

દે.બારીયા શહેર અને પંથકમાં ચોમાસાના બાદ મચ્છરજન્ય રોગચાળાએ ભયંકર માંથુ ઉંચકી ચૂક્યો છે. જેનાથી શહેર તેમજ તાલુકા પંથકમાંના વિસ્તારોમાં ડેન્ગ્યુના પોઝીટીવના દર્દીઓ દિનપ્રતિદિન સામે આવી રહ્યા છે. તેવા સમયે જ તાલુકાની મોટી સરકારી હોસ્પિટલમાં ડેન્ગ્યુ અંગેની ચકાસણી અંગેની કીટનો અભાવ હોવાના કારણે ડેન્ગ્યુ અંગે પોઝીટીવ અથવા નેગેટીવ માટે ખાનગી લેબોરેટરીમાં જવાનો વારો આવ્યો છે અને ત્યાં ૮૦૦ થી ૧૦૦૦ રૂ.ની ફી લેવાતી હોય છે. જેથી ગરીબો આવા મોંઘવારીના સમયે ખર્ચ કરવો પડે છે. આખી ગાથા એક ડેન્ગ્યુના દર્દીએ અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધિને જણાવે છે શું ? આની પાછળ સાંઠગાંઠનો ખેલ ખેલાતો નથી ને તેની તટસ્થ તપાસ જીલ્લાનું આરોગ્ય વિભાગના પદના અધિકારીઓ કરશે ખરાં ? તેવી માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડેન્ગ્યુ પોઝીટીવના દર્દીઓમાં સતત વધારો થતો જાય છે. ઝેરી મેલેરીયા તેમજ ઝાડા ઉલ્ટી, તાવના દર્દીઓ પણ સામે આવી રહ્યા છે. તેવા સમયે એટલે દશેરાના દિવસોમાં ધોડોના દોડે તેવા હાલ દે.બારીયા સરકારી હોસ્પિટલના છે. પ્રાથમિક સારવાર ગરીબો જનતાને મળવી જોઈએ કેમ કે તેનો મૌખિક અધિકાર છે. સ્વાસ્થ્યના પાછળ ગુજરાતની ગતિશીલ અને સંવેદનશીલ સરકાર કરોડોની ગ્રાન્ટ આપે છે તો પણ ગરીબોને ખાનગી લુંટારૂ સ્વાસ્થ્યના નામે કલંક ગણાતી ખાનગી લુંટારૂઓ પાસે સરકારી ડૉકટરો મોકલતા ખચકાતા કેમ નથી શું ? તેમને તેમાંથી ટકાવારી મળતી હોય છે ? તે યક્ષ પ્રશ્ન છે.

આપણા ભારતે જુલાઈનો ઈતિહાસ રચ્યો ચંદ્રયાન-૩ લોન્ચ કરીને પરંતુ એક મેડીશ માદા મચ્છરને નાબુદ કરી શકયો નથી. તે આપણા પાંગળા સ્વાસ્થ્ય વિભાગ સોચ વિચાર કરવો રહ્યો.

# ખાનપુરના રંગેલી પાસે વૃક્ષ બાઈક સવાર ભાઈ-બહેન ઉપર પડતાં બહેનનુ મોત

ખાનપુર,

લીંબડીયાથી ખાનપુર માર્ગ પર સુકાઈ ગયેલા તેમજ નમી ગયેલા વૃક્ષો મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. આવા જોખમી વૃક્ષો સાથે વાહનો અથડાઈ જવાથી કે વૃક્ષોની ડાળીઓ પડવાની દુર્ઘટનાથી ૧૦થી વધુ લોકો મોતને ભેટી ચુકયા છે. ત્યારે લીંબડીયાથી ખાનપુર તરફ જતા રોડ પર રંગેલી ગામ પાસે ખાનપુરના આંટા ગામના ભાઈ-બહેન બાઈક ઉપર ઢીંગલવાડા મુકવા માટે જઈ રહ્યા હતા. ત્યારે હાઈવે રોડ પર બાઈક ઉપર વૃક્ષ પડતા બાઈક પર સવાર બહેન માલીવાડ મંજુલાબેનનુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. તથા બાઈક ચાલક ભાઈને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટના બનતા જ સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ને જાણ કરતા ઈજાગ્રસ્ત બાઈક સવારને હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસ દ્વારા મૃતક બહેનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી દવાખાનામાં મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. માર્ગ અને મકાન વિભાગ કે પછી વન વિભાગ દ્વારા ધમધમતા માર્ગ પર જોખમી તથા માર્ગ પર નડતા વૃક્ષોને દુર કરવામાં આવે તેવી સ્થાનિકોની માંગ ઉઠવા પામી છે.

# સંતરામપુર નર્સિંગપુર ગામે નદીમાં ડીપ તુટી જતા વાહનવ્યવહાર બંધ

સંતરામપુર,

સંતરામપુર સહિત તાલુકામાં આ વર્ષની વરસાદની સીઝનમાં વરસાદના કારણે ઠેર ઠેર રસ્તા તથા નાળા તુટી જવા પામ્યા હતા. જેને કારણે લોકોને અવર જવર માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તાલુકાના નર્સિંગપુર ગામે નદીમાં પુર આવવાથી આરસીસીનો ડીપ આખો ધોવાઈ ગયો હતો. આના કારણે મોટાભાગના અવર જવર કરતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલી અને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. આ જ રસ્તા ઉપર પ્રાથમિક શાળા પણ આવેલી છે. ડીપ ધોવાઈ ગયો હોવાથી લોકોને અવર જવર માટે બે કિ.મી.વધારે અંતર કાપીને જવુ પડતુ હોય છે. જેથી સંતરામપુર સહિત તાલુકામાં તંત્ર દ્વારા વહેલી તકે આ રસ્તાની મરામત કરવામાં આવે અને રાબેતા મુજબ રસ્તો શરૂ થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# દાહોદ કસ્બા વિસ્તારમાં ફરક આંકનો જુગાર રમાડતા ઈસમને ઝડપ્યો

દાહોદ,

દાહોદ શહેરના કસ્બા વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં આંક ફરકનો જુગાર રમી રમાડતાં એક ઈસમને પોલીસે ઝડપી પાડી તેની પાસેથી રોકડા રૂપીયા ૧૦,૫૧૦ની રોકડ રકમ સાથે જુગારના સાધનો કબજે કર્યાનું જાણવા મળે છે. ગત તા.૦૯મી ઓક્ટોમ્બરના રોજ દાહોદ શહેર પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ શહેરના કસ્બા કસ્બા અમલદાર ચોક ખાતે જાહેરમાં ખુલ્લી જગ્યામાં આંક ફરકનો જુગાર રમી રમાડતા વરસીંગભાઈ ધનુભાઈ મીનામા (રહે. માતવા, હોળી ફળિયા, તા. ગરબાડા, જી.દાહોદ) ને ઝડપી પાડી તેની પાસેથી જુગારના સાધનો, બોલપેન, અલગ અલગ દરની ચલણી નોટો કિંમત રૂા.૧૦,૫૧૦ની તેની અંગ ઝડતીમાંથી મળી આવી હતી. આ સંબંધે દાહોદ શહેર પોલીસ દ્વારા જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડા તાલુકાનો બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન જેસાવાડા પ્રાથમિક શાળામાં યોજાયું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકા કક્ષાનો બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ કરણસિંહ ડામોરની અધ્યક્ષતામાં જેસાવાડા મુખ્ય પ્રાથમિક શાળા ખાતે યોજાયો હતો. જેમાં ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરે દીપ પ્રગટાવીને પ્રદર્શનને ખુલ્લું મૂક્યું હતું. મુખ્ય મહેમાન પદે તાલુકા પંચાયતના પ્રમુખ મયુર ભાભોર ડાયેટ પ્રાચાર્ય આર.જી મુનિયા, જિલ્લા શિક્ષણાધિકારી સુરેશભાઈ મેડા જિલ્લા પંચાયતના સભ્ય કીરીટભાઈ પટેલ, દંડક અર્જુન ગારીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં એક થી પાંચ વિભાગમાં ૫૮ કૃતિઓ, ૧૧૬ બાળ વૈજ્ઞાનિકો, ૪૮ માર્ગદર્શક શિક્ષકો, ૧૫ નિર્ણાયકોએ સેવા આપી હતી. તાલુકો કક્ષાએ પ્રથમ આવેલ કૃતિ વિભાગ એક રિવર ક્લીનર માતવા મુખ્ય, બે ફ્રોગ હાર્વેસ્ટિંગ દાદુર મુખ્ય, ત્રણ વર્ટિકલ ખેતી માતવા મુખ્ય, ચાર વાઈફાઈ ટેકનોલોજી ગાંગરડા મુખ્ય અને પાંચમા વિભાગમાં મહિલા અને બાળ સુરક્ષા યંત્ર અને એપ્લિકેશન જેસાવાડા મુખ્ય શાળાઓ વિજેતા થઈ તેમને જિલ્લા કક્ષાએ ભાગ લેવા જણાવ્યું.

તે પૈકી સૌથી વધુ આકર્ષક કૃતિ જેસાવાડા શાળાની હતી. માર્ગદર્શક શિક્ષક સુથાર હિરેન અને પટેલ બિનાકાબેન દ્વારા મહિલા અને બાળકોને સલામતી માટે એક મોબાઈલ એપ્લિકેશન તથા ડિવાઈસ તૈયાર કર્યું હતું. જેમાં ભયજનક સમયે એક બટન દબાવીને આપણા પરિવારજનોને લોકેશન સાથે મદદ માટેનો મેસેજ પહોંચાડી શકાય છે. આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ, મંત્રી તેમજ શૈક્ષણિક સંઘના પ્રમુખ, મંત્રી તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, બીઆરસી કો.ઓ. તાલુકામાં આવેલ તમામ સી.આર.સી. કો.ઓર્ડીનેટરો પગાર કેન્દ્રના આચાર્યો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# હાલોલ ઓડ ફળીયામાં જુગાર રમતા ૪ જુગારીયાને પોલીસે ઝડપ્યા

હાલોલ,

હાલોલ ઓડ ફળીયામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ચાર જુગારીયાને ૨૧,૬૮૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ ઓડ ફળીયામાં કેટલાક ઈસમો પાના પત્તાની હારજીતનો જુગાર રમી રહ્યા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન પરેશ મહેશભાઈ પરમાર, દિલીપ નટુભાઈ પરમાર, જગદીશ રાણમલ મહેશ્વરી, પ્રકાશ ચંદુભાઈ વણકરને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૨૧,૬૮૦/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરી આ બાબતે હાલોલ પોલીસ મથકે જુગાર ધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# ઝાલોદના પ્રભુતા પ્લોટ પાસે બિસ્માર રસ્તાને લઈ ધુળની ડમરીઓથી લોકો પરેશાન

ઝાલોદ,

ઝાલોદ નગરમાં પાલિકાની કામગીરીને લઈને છેલ્લા ઘણા સમયથી લોકોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. દિવાળી અને નવરાત્રિના બે મોટા તહેવાર નજીક હોવા છતાં પણ પાલિકા દ્વારા નગરના રોડ-રસ્તા રિપેર કરવામાં ન આવતા રહિશોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. નગરના પ્રભુતા પાર્ટી પ્લોટ પાસેનો હાઈવેના બિસ્માર રસ્તાની મરામત માટે અનેકવાર રજુઆત કરવા છતાં પણ કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવતા રસ્તાની માટી મેટલ ઉખડી ગયા છે. જેના કારણે ધુળની ડમરીઓ ઉડવાના લીધે સ્થાનિકો પરેશાન થઈ ગયા છે. તેમજ ધુળના કારણે આસપાસના રહિશો અને વેપારીઓને ધુળના કારણે એલર્જી જેવી બિમારીઓના શિકાર બની રહ્યા છે. પાલિકા તંત્રને લેખિત-મૌખિક રજુઆતો બાદ પણ કામગીરી પ્રત્યે ઉદાસીનતા જોવા મળી રહી છે. તહેવારો નજીકબ હોવાથી હાલમાં નગરમાં વેપાર-ધંધાની શરૂઆત થઈ છે. ત્યારે રસ્તા બિસ્માર અને ધુળની સમસ્યાને કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. તહેવારો પહેલા નગરમાં નવીન રસ્તાઓ બનાવવામાં આવે તેવી નગરજનોમાં માંગ જોવા મળી રહી છે.

# ઘોઘંબાના પાલ્લાના રહિશને ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા

હાલોલ,

ઘોઘંબાના પાલ્લા ગામના અમજતઅલી મહંમદઅલી મકરાણીનો પુત્ર આરીફે શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની હાલોલ શાખામાંથી હાયર પરચેઝ ધિરાણ મેળવ્યુ હતુ. જે લોનના હપ્તા નિયમિત રીતે નહિ ભરાતા ફાયનાન્સ કંપનીએ લોનની બાકી પડતર રકમની માંગણી કરતા આરીફ મકરાણીના પિતા અમજતઅલીએ કંપની સાથે સમાધાન કરી પોતાની એસ.બી.આઈ. ઘોઘંબા શાખાનો રૂ.૧૦,૧૨,૪૪૪નો ચેક આપેલ હતો. પરંતુ ફરિયાદી કંપનીએ જે ચેક જે તે તારીખે તેમના એકાઉન્ટમાં જમા કરતા આરોપીના ખાતામાં ફંડ ન હોવાથી ચેક પરત ફર્યો હતો. આ અંગે કેસ હાલોલની એડિશનલ ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ વૈભવ વસંત મોઢની કોર્ટમાં ચાલી જતા નામદાર કોર્ટે બંને પક્ષે દલીલો સાંભળી આરોપીને એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે. આ ઉપરાંત ફરિયાદીને તેના વળતર રૂપે રૂ.૧૫,૦૦,૦૦૦ (પંદર લાખ) દિ-૩૦માં ચુકવી આપવા હુકમ કરેલ છે.

# આપની આજ.......

મેષ : તમારા માટે આજનો દિવસ શુભ છે અને કેટલાક કામમાં સફળતાના કારણે તમારા મનમાં ખુશી રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નોમાં સફળતા મળશે. તમે આજે સત્તા સાથે જોડાણનો લાભ મેળવી શકો છો.

વૃષભ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને રોજગારી તેમજ વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષકારક સમાચાર મળશે.

મિથુન : શિક્ષણ અને સ્પર્ધામાં તમને વિશેષ સફળતા મળશે. આજે કોઈ કામને કારણે તમારે વધારે ભાગદોડ કરવી પડી શકે છે. આજે તમારા દુશ્મનો એકબીજા સાથે લડીને જ નાશ પામશે.

કર્ક : આજનો દિવસ તમારા માટે મિશ્રિત રહેશે. કેટલાંક કિસ્સામાં તમને સારા પરિણામ મળશે. તમને તમારા જીવનસાથીનો સહયોગ મળશે. બાળકોના પક્ષથી કેટલાક સારા સમાચાર મેળવી શકો છો. કેટલાક અટકેલા કામ સાંજે થવાની સંભાવના છે.

સિંહ : આજનો દિવસ તમારા માટે થોડો સાવધાન રહેવાનો છે. કોઈ મૂલ્યવાન વસ્તુ ખોવાઈ જાય અથવા ચોરાઈ જવાનો ભય રહે છે. સંતાનના શિક્ષણના સમાચાર અથવા કોઈપણ સ્પર્ધામાં અપેક્ષિત સફળતાના કારણે મનમાં આનંદ રહેશે. સાંજે કોઈ અટકેલું કામ પૂર્ણ થતા આનંદ થશે.

કન્યા : આજે તમારા મનમાં કોઈ પ્રકારની મૂંઝવણ રહેશે અને તમે પરેશાન રહેશો. કેટલીક આંતરિક સમસ્યા તમને પરેશાન કરી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે ધ્યાન ના હોવાને કારણે તમે બીમાર પડી શકો છો.

તુલા : આજનો દિવસ સારો છે અને આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાશે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે શુભ છે અને ચંદ્ર શુભ દશામાં હોવાથી તમને સંપત્તિનો લાભ મળી રહ્યો છે. આજીવિકાના ક્ષેત્રમાં પ્રગતિ થશે અને પ્રતિષ્ઠા વધશે.

ધનુ : આજે તમને ભાગ્યનો સંપૂર્ણ સહયોગ મળશે. તમારા વિરોધીઓ પણ તમારા વખાણ કરશે. સરકારના શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મળશે.

મકર : આજનો દિવસ તમારા માટે ખાસ છે અને તે ખૂબ જ વ્યસ્ત રહેવાનો છે. આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતામાં અને તેમના કાર્યોમાં પસાર થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યાનો અંત આવશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસો ફળદાયી રહેશે તો તમારું મન પ્રસન્ન રહેશે.

મીન : આજે તમને કેટલીક બાબતોમાં સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. કોઈપણ કારણ વગર કોઈની સાથે વિવાદ થઈ શકે છે. કેટલાક નવા વિરોધીઓ પણ નડી શકે છે. તમારા વિચારો દ્વારા કરવામાં આવેલા કામમાં નુકસાન અને નિરાશા આવી શકે છે.

# કેસીઆરનો હેતુ તેમના પુત્ર કેટીઆરને મુખ્યમંત્રી બનાવવાનો છે, ગૃહમંત્રી અમિત શાહે બીઆરએસ સરકાર પર નિશાન સાધ્યું છે



હેદરાબાદ,

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ૧૦ ઓક્ટોબરે આદિલાબાદમાં એક જાહેર સભાને સંબોધતા કહ્યું હતું કે મુખ્ય પ્રધાન (કે. ચંદ્રશેખર રાવ)નું એક જ લક્ષ્ય છે - તેમના પુત્ર કેટીઆરને મુખ્ય પ્રધાન બનાવવાનું. અમારો ઉદ્દેશ્ય આદિલાબાદમાં દરેક આદિવાસી યુવાનોને રોજગાર અને શિક્ષણ આપવાનો છે." કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું કે તમારો ઉત્સાહ સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારતીય જનતા પાર્ટી તેલંગાણામાં સરકાર બનાવવા જઈ રહી છે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું કે તમે બધાએ ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણી દરમિયાન પીએમ મોદીજી પર ખૂબ પ્રેમ વરસાવ્યો છે. પરંતુ હવે સમય આવી ગયો છે કે તેલંગાણાને ડબલ એન્જિન સરકારની જરૂર છે! મને ખાતરી છે કે તમે ભાજપને જીતાડશો, પીએમ મોદીને જીતાડશો.

કેસીઆર પર નિશાન સાધતા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું કે કેસીઆર ક્યારેય ગરીબોની ચિંતા કરતા નથી, તેઓ માત્ર તેમના પરિવારની જ ચિંતા કરે છે અને તેમના માટે કામ કરે છે. કેસીઆરે જે વચનો આપ્યા હતા તેમાંથી એક પણ વાયદો પૂરો કર્યો નથી.

આદિલાબાદમાં એરસ્ટ્રીપ બનાવવાની હતી, બે બેડરૂમના ઘર આદિવાસી ભાઈ-બહેનોને આપવાના હતા, પણ કંઈ થયું નહીં! તેના વચનો ખોટા છે, અને તેના ઈરાદા દુષ્ટ છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, કોંગ્રેસે આજ સુધી માત્ર ગરીબીની વાત કરી છે અને ગરીબો માટે કંઈ કર્યું નથી. ભારતીય સહયોગી કોંગ્રેસ પાર્ટી દ્વારા ૧૨ લાખ કરોડ રૂપિયાનું કૌભાંડ, છેતરપિંડી અને ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે.

મોદીના ૯ વર્ષના શાસનમાં અમારા વિરોધી પર એક પણ આરોપ લગાવી શકાયો નથી.તેમણે કહ્યું કે, 'જ્યારે ચૂંટણી આવે છે ત્યારે કોંગ્રેસના લોકો નવા કપડાં પહેરીને આવે છે.રાહુલ ગાંધી પણ અહીં આવવા લાગ્યા છે. હું તેમને પૂછવા માંગુ છું - જ્યારે યુપીએ સરકાર હતી ત્યારે આદિવાસી કલ્યાણ માટે ૨૪,૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ હતું, જેને પીએમ મોદીએ ૨૦૨૩-૨૪ સુધીમાં વધારીને ૧,૨૪,૦૦૦ કરોડ રૂપિયા કરી દીધું છે.

દરમિયાન ભાજપ લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને કોઈ કસર છોડવા માંગતી નથી. કોઈપણ રીતે, ભાજપની નજર લઘુમતી વોટ બેંક પર પણ છે અને તેને હાંસલ કરવા માટે, પાર્ટીનો લઘુમતી મોરચો 'લઘુમતી સ્નેહ સંવાદ કાર્યક્રમ' શરૂ કરવા જઈ રહ્યો છે. માહિતી અનુસાર, આગામી વિધાનસભા ચૂંટણી પછી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા ડિસેમ્બર મહિનામાં આ 'લઘુમતી સ્નેહ સંવાદ કાર્યક્રમ' શરૂ કરી શકે છે.

માહિતી અનુસાર, ભાજપ લઘુમતી મોરચા લઘુમતી સમુદાયને પ્રભાવિત કરવા અને સંવેદનશીલ બનાવવા અને લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા શાંતિપૂર્ણ વાતાવરણ બનાવવા માટે આ મોટી કવાયત શરૂ કરવા જઈ રહી છે. આ અંતર્ગત લઘુમતી સમુદાય સુધી પહોંચવા અને મોરચાને મજબૂત કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ અભિયાનનો એકંદર અભિગમ બૂથ સશક્તિકરણ, વિશેષ ધમનીઓ, મોદી મિત્ર મહિલા સંમેલન, સૂફી સંવાદ જન પ્રતિનિધિ સંમેલનનું આયોજન કરવાનો રહેશે.

કહેવામાં આવી રહ્યું છે કે આ અભિયાનમાં પીએમ નરેન્દ્ર મોદીના 'રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મ'ના મંત્રનો પ્રચાર કરવો પડશે. પાર્ટીના અલ્પસંખ્યક મોરચાના કાર્યકર્તાઓ લોકોને એ સંદેશ આપશે કે મોદી સરકાર પોતાની યોજનાઓને લાગુ કરવામાં ભેદભાવ નથી કરતી. મોરચાના કાર્યકરો જન ધન યોજના, ઉજ્જવલા યોજના, શૌચાલય યોજના, કિસાન સન્માન યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, બેટી બચાવો બેટી પઢાવો વગેરે વિશે લોકોને માહિતી આપશે અને જણાવશે કે સરકારે તેમને લાગુ કરવામાં ક્યારેય ભેદભાવ કર્યો નથી. આ દ્વારા એક ભારત શ્રેષ્ઠ ભારતના વિચાર દ્વારા દેશભક્તિ, રાષ્ટ્રવાદ અને પરસ્પર જોડાણના આદર્શોનો પણ પ્રચાર કરવામાં આવશે. એ વાતનો પણ પ્રચાર કરવામાં આવશે કે ભાજપ સામૂહિક ન્યાયથી કોઈના તુષ્ટિકરણમાં નહીં પરંતુ સૌના વિકાસમાં માને છે.

આ ઝુંબેશને વ્યાપક રીતે હાથ ધરવા માટે, રાષ્ટ્રીય લઘુમતી મોરચા પ્રમુખના નેતૃત્વમાં ક્લસ્ટર લઘુમતી મોરચા ટીમ અને રાજ્ય લઘુમતી મોરચા ટીમની નિમણૂક કરવામાં આવી છે. એટલું જ નહીં, લોકસભા પ્રભારી, વિધાનસભા પ્રભારી ટીમ, વિભાગીય અને બૂથ સ્તરની ટીમો બનાવવામાં આવી છે.પીએમ નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય સ્તરે બેઠક યોજશે. આ બેઠકમાં સામાજિક-ધાર્મિક નેતાઓ મોદી મિત્ર મહિલા લાભાર્થીઓ, લઘુમતી સમુદાયના રમતગમતની હસ્તીઓ અને લઘુમતી સમુદાયના અન્ય

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## દાહોદમાં અમંગળકારી નીવડ્યો મંગળવાર

# ગરબાડા-અલીરાજપુર હાઈવે ગોઝારા અકસ્માતમાં મરણચીસોથી ગુંજી ઉઠ્યો




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

- ગરબાડાના પાટીયાઝોલ તળાવ પાસે ટ્રક-રીક્ષા વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૬ લોકોને કાળ ભરખી ગયો, એક ગંભીર.
- જમીન સંબંધી બાબતે કોર્ટની તારીખે હાજરી આપવા એક જ કુટુંબના ૬ વ્યકતિઓ કાળના ખપ્પરમાં હોમાતા સમગ્ર ઝરીબુઝર્ગ ગામ હિબકે ચઢ્યો.

ગરબાડા,

ગરબાડા તાલુકાના પાટિયાઝોલ તળાવના વળાંક પર આજરોજ વહેલી સવારે ટ્રક અને ઓટોરિક્ષા જોશભેર ટક્કર થતા રાજકોટ થી ગરબાડા મુકામે જમીન સંબંધી બાબતે કોર્ટમાં તારીખે હાજરી આપવા આવેલા એક જ કુટુંબના છ વ્યક્તિઓ કાળના ખપ્પરમાં હોમાઈ જતા સમગ્ર હાઈવે મરણચીસોથી ગુંજી ઉઠ્યો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે પરીક્ષાના ઉડી જવા પામ્યા હતા. મરણ જનાર હતભાગીઓ મૃતદેહો વેરવિખેર તેમજ હાઈવે પર લોહીલુહાણ અવસ્થામાં નજરે પડ્યા હતા. વહેલી સવારે બનેલી હૃદય કંપાવનારી ઘટનામાં એક જ કુટુંબના ૪ પુરૂષો એક મહિલા તેમજ બાળકનું મૃત્યુ થતા સમગ્ર ઝરીબુઝર્ગ ગામમાં માતમની સાથે સન્નાટો પ્રસરી જવા પામ્યો હતો. જોકે બનાવની જાણ વાયુવેગે પંથકમાં થતા ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. બનાવ બાદ ઘટના સ્થળે પહોંચેલી સ્થાનિક પોલીસે ક્ષય વિક્ષય હાલતમાં પડેલા મૃતદેહોનો કબજો લઈ પીએમ અર્થે ગરબાડા રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી હાઈવેને ખુલ્લું કરી આ બનાવ સબંધે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના ઝરી બુજુર્ગ ગામના ગુદરડી ફળિયાના એક કુટુંબના (૧)નરેશભાઈ કેશુભાઈ કટારા ઉ.વર્ષ.૩૫, (૨)પવનભાઈ કેશુભાઈ કટારા (ઉ.વર્ષ.૩૨),(૩)રાઘવભાઈ પવનભાઈ કટારા(ઉ.વર્ષ ૯), (૪)મુકેશભાઈ મૂડીયાભાઈ કટારા(ઉ.વર્ષ ૩૮), (૫) કેવનભાઈ ઈશ્વરભાઈ કટારા(ઉ.વર્ષ ૨૨)(૬) રેખાબેન ઈશ્વરભાઈ કટારા (ઉ.વર્ષ ૩૨) સહિતના વ્યક્તિઓ થોડાક સમય પહેલા રાજકોટ મુકામે મજૂરી અર્થે ગયા હતા. અને તેઓનો જમીન સંબંધી મામલે કોર્ટમાં કેસ ચાલતો હોય ગતરોજ કોર્ટ મુદતમાં હાજરી આપવા માટે રાજકોટ થી ગરબાડા આવવા નીકળ્યા હતા અને આજે વહેલી સવારે દાહોદ બસ સ્ટેશન પર ઉતર્યા હતા. જ્યાં તેમના જ ગામનો રીક્ષા ચાલક પહેલેથી જ રિક્ષા લઈને હાજર હતો. જે બાદ ઉપરોક્ત પરિવાર પરીક્ષામાં સવાર થઈ પોતાના ઘરે જવા નીકળ્યો હતો. પરંતુ એમને ક્યાં ખબર હતી કે તેઓની આ છેલ્લી સફર હશે. ઉપરોક્ત હતભાગી પરિવારની રીક્ષા ગરબાડા તાલુકાના પાટિયાઝોલ તળાવ નજીકથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે સામેથી અલીરાજપુર તરફથી આવતી કાળમુખી ટ્રક વચ્ચે જોશભેર ટક્કર થતા સર્જાયેલા માર્ગ અકસ્માતના બનાવમાં ઉપરોક્ત એક જ કુટુંબના છ વ્યક્તિઓના પ્રાણ પખેરૂ ઘટના સ્થળે ઉડી જવા પામ્યા હતા. વહેલી સવારે બનેલા આ ગોઝારા બનાવમાં સમગ્ર હાઈવે ચીચીયારીઓથી ગુંજી ઉઠ્યો હતો. જેમાં સ્થળ પર મરણ પામેલા છ હતભાગીઓના મૃતદેહો ક્ષય વિક્ષય હાલતમાં પડેલા મૃતદેહો જોવા મળતા ઘટના સ્થળે પહોંચેલા પરિવારજનોના હૈયાફાટ રૂદનથી વાતાવરણમાં ગમગીની છવાઈ જવા પામી હતી. જયારે એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને ૧૦૮ મારફતે નજીકના હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જોકે ઘટના બાદ ભેગા થયેલા લોકોએ પોલીસને જાણ કરતા થોડીક વારમાં પહોચેલી પોલીસે મરણ જનાર વ્યક્તિઓના મૃતદેહો કબજો લઈ પીએમ અર્થે ગરબાડા રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી હાઈવેને ખુલ્લું કરી આ બનાવ સબંધે વધુ તપાસ હાથ ધરી છે.

## નિવાસી અધિક કલેકટરના અધ્યક્ષસ્થાને ખેલ મહાકુંભ ૨.૦ રજીસ્ટ્રેશનને લઈ બેઠક યોજાઈ




દાહોદ,

જીલ્લા સેવા સદન દાહોદ ખાતે નિવાસી અધિક કલેકટર એ.બી.પાંડોરના અધ્યક્ષસ્થાને ખેલ મહાકુંભ ૨.૦ રજીસ્ટ્રેશનને લઈને બેઠક યોજાઈ હતી. ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત દાહોદ જીલ્લાને રજીસ્ટ્રેશને લઈ કુલ ૧ લાખ ૪૬ હજારથી વધુનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. આ લક્ષ્યાંક પૂર્ણ થાય અને જીલ્લામાંથી વધુમાં વધુ ખેલાડીઓ ભાગ લે તે માટે નિવાસી અધિક કલેક્ટર એ.બી.પાંડોરે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર એ.બી.પાંડોરે જણાવ્યું હતું કે દાહોદ જીલ્લામાં ખેલ મહાકુંભ ૨.૦નું રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયેલ છે. દાહોદ જીલ્લામાં પણ વધુને વધુ ખેલાડીઓ ખેલ મહાકુંભ ૨.૦માં ભાગ લઈને દાહોદ જીલ્લાનું નામ રોશન કરે. વિવિધ શાળાઓ, કોલેજોનાં વિદ્યાર્થીઓ તેમજ અન્ય રમતપ્રેમીઓ તથા વધુને વધુ ખેલાડીઓ ભાગ લે તે માટે અપીલ કરી જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા. વધુમાં નિવાસી અધિક કલેકટર એ ઉમેર્યું હતુ કે તમામ શાળાઓ, આઈ.ટી.આઈ, કોલેજમાં પ્રચાર પ્રસાર થકી વધુમાં વધુ રજીસ્ટ્રેશન થાય તે જરૂરી છે.

જીલ્લા રમત ગમત અધિકારી અમરસિંગ રાઠવા એ જણાવ્યું હતું કે ખેલ મહાકુંભ ૨.૦નું ઓનલાઈન રજીસ્ટ્રેશન વેબસાઈટ https://khelmahakumbh.gujarat.gov.in પર તા.૨૩.૦૯.૨૦૨૩ થી શરૂ કરવામાં આવ્યું છે. રજીસ્ટ્રેશન માટે અંતિમ તા. ૧૮.૧૦.૨૦૨૩ છે. અં-૯,અં-૧૧, અં-૧૪ અને અં-૧૭ ગૃપમાં શાળામાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ જે તે શાળામાંથી રજીસ્ટ્રેશન કરવાનું ફરજીયાત છે. ઉપરાંત કોલેજમાં અભ્યાસ કરતાં ખેલાડીઓ ઓનલાઈન અથવા કોલેજ મારફત રજીસ્ટ્રેશન કરી શકશે. અભ્યાસ ન કરતાં હોય તેવા ખેલાડીઓ પણ પોતાના ગામ, શહેરની શાળા અથવા હાઈસ્કૂલમાંથી અથવા ખેલ મહાકુંભ માટેની વેબસાઈટ પરથી રજીસ્ટ્રેશન કરાવી શકે છે. જીલ્લા કક્ષાએ જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દેવગઢ બારિયા કચેરીએથી પણ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે.

આ રમત સ્પર્ધામાં ૯ વર્ષથી નીચે, ૧૧ વર્ષથી નીચે, ૧૪ વર્ષથી નીચે, ૧૭ વર્ષથી નીચે, ઓપન એજ ગૃપ, ૪૦ વર્ષથી ઉપર, ૬૦ વર્ષથી ઉપરના વયજુથ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં વિવિધ રમતો વયજુથ મુજબ યોજાશે ઉપરાંત વયજુથ મુજબની વિવિધ રમત સ્પર્ધાઓમા ખેલાડીઓ ભાગ લઈ શકે છે.

ખેલ મહાકુંભ ૨.૦ રજીસ્ટ્રેશનને યોજાયેલ બેઠકમાં ઝાલોદ પ્રાંત અધિકારી ગોહિલ, દેવગઢ બારિયા પ્રાંત અધિકારી જ્યોતીબા ગોહિલ, જીલ્લા પ્રાથમિક શિક્ષણા અધિકારી નીલેશ મુનિયા, જીલ્લા રમત ગમત અધિકારી અમરસિંગ રાઠવા, મામલતદાર મનોજ મિશ્રા, જીલ્લા યુવા વિકાસ અધિકારી જીગ્નેશ ડાભી, જીલ્લા રમત વિકાસ અધિકારી ઉષાબેન ચૌધરી, જીલ્લાના તમામ બી.આર.સી સી.આર.સી, સ્વામી વિવેકાનંદ યુવક બોર્ડના પ્રતિનિધિ અને જીલ્લાના વિવિધ રમતના કોચ-ટ્રેનરો તેમજ રમતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દે.બારીયાના ધાનપુર રોડ ઉપર કરીયાણાની દુકાનમાં ૨૪ હજારની ચોરી

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ નગરના ધાનપુર રોડ પર દિવ્યા હોસ્પિટલની બાજુમાં આવેલ કરિયણાની દુકાનને તસ્કરોએ નિશાન બનાવી દુકાનની પાછળની બારી તોડી દુકાનમાં પ્રવેશી દુકાનમાંથી કરિયાણાનો સામાન તથા રોકડ મળી રૂપિયા ૨૪ હજાર ઉપરાંતની મત્તાનો હાથફેરો કરી ગયાનું જાણવા મળ્યું છે. ત્યારે બીજી કરફ આ બનાવમાં પોલીસે તાત્કાલિક ધોરણે તપાસનો ધમધમાટ આરંભ કરતાં આ ઘરફોડ ચોરી સહિત અન્ય એક ઘરફોડ ચોરીને અંજામ આપનાર એક ઈસમને પોલીસે ઝડપી પાડી રૂા. ૨,૮૦,૦૦૦ રીકવર કર્યાનું જાણવા મળે છે.

દેવગઢ બારીઆ નગરના ધાનપુર રોડ પર તા. ૨૭- ૯- ૨૦૨૩ના રોજ ત્રાટકેલા તસ્કરોએ દિવ્યા હોસ્પિટલની બાજુમાં આવેલ તેમની કરિયાણાની દુકાનને તસ્કરોએ નિશાન હબનાવી હતી અને દુકાનની પાછળની બારી તોડી તસ્કરો દુકાનમાં પ્રવેશ્યા હતા અને દુકાનમાં મૂકેલ રૂા. ૪૦૦૦ની કિંમતના ૫૦૦ ગ્રામ વજનના કાજુના પેકેટ નંગ-૧૦, રૂપિયા ૩૭૫૦ની કિંમતના ૫૦૦ ગ્રામ વજનના બદાનમાં પેકેટ નંગ-૧૦, રૂપિયા ૧૫૭૫ની કુલ કિંમતના વાઘ બકરી ચ્હાના ૨૫૦ ગ્રામ વજનના પેકેટ નંગ-૧૫, રૂપિયા ૧૦૦૦ની કુલ કિંમતના તુલસી ચ્હાના ૨૫૦ ગ્રામના પેકેટ નંગ-૧૦, રૂપિયા ૩૦૦૦ની કુલ કિંમતના વસંત મસાલાના ૫૦૦ ગ્રામના પેકેટ નંગ૧૦, રૂપિયા ૧૫૭૫ની કુલ કિંમતની કપાસીયા તેલની પાંચ લીટરની ડબ્બીઓ નંગ-૩ તથા દુકાનના કાઉન્ટરમાં મૂકેલ ૧૦,૦૦૦ની રોકડ મળી રૂપિયા ૨૪,૯૦૦ની મત્તા ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે દે.બારીયા નગરના ધાનપુર રોડ પર દિવ્યા હોસ્પિટલની બાજુમાં રહેતા કુત્બુદ્દીન તાહેરબાઈ ગુલગુલ્લા(વ્હોરા)એ નોંધાવેલ ફરિયાદને આધારે દેવગઢ બારીઆ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી અગાઉ થયેલ ઘરફોડના ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી અગાઉ થયેલ ઘરફોડના ગુનાવાળી જગ્યાએ નવીન ફલેટમાં કલર કામ ચાલતું હોઈ તે કલરકામ કરનારા મજુરોની પુછપરછ કરતા હકીકત જાણવા મળી હતી કે ગણપતિ વિર્સજનના તહેવાર પછી કલરકામ કરી રહેલ દેવગઢ બારીઆ રાણી વાવ ફળિયામાં અજયભાઈ શૈલેષભાઈ હરીજન નામનો મજુર કલરકામ કરવા આવતો બંધ થઈ ગયેલ છે. જેથી પોલીસે તેની તપાસ કરી તેને પકડીને પોલીસ સ્ટેશને લાવી પુછપરછ કરતાં પ્રાથમિક તબક્કે તો તે પોલીસના પ્રશ્નોના જવાબ આપવામાં ગલ્લા તલ્લા કરતા રહ્યો હતો. જેથી પોલીસે પોતાની આગવી ભાષામાં પુછપરછ હાથ ધરતાં પોપટની જેમ તેને અગાઉ રાધે ગોવિંદ ફલેટમાંથી રૂા. ૩,૩૬,૦૦૦ની રોકડ ભરેલ બેગ ચોરી લઈ ગયાની કબુલાત કર્યા બાદ દેવગઢ બારીઆ ધાનપુર રોડ, દિવ્યા હોસ્પિટલની બાજુમાં કુત્બુદ્દીન તાહેરભાઈ ગુલગુલ્લા(વ્હોરા)ની કરિયાણાની દુકાનમાં થયેલ ચોરીની પણ કબુલાત કરતા પોલીસે ઘરફોડ ચોરીના બે અનડીટેકટ ગુનાઓ ડીટેક્ટ કરી રૂા. ૨,૮૦,૦૦૦ની રોકડ રીકવર કરી છે.

## ઝાલોદના ટાંડી ગામે જુગાર સ્થળે રેઈડ કરી ૪ જુગારીયાને ઝડપ્યા

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના ટાંડી ગામે જાહેરમાં ખુલ્લી જગ્યામાં ગંજીપાના વડે રમાતા જુગારના અડ્ડા પર પોલીસે ઓચિંતો છાપો મારતાં ૦૪ જુગારીઓ પૈકી ૦૨ જુગારીઓને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતી તેમજ દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૧૩,૪૫૦ની રોકડ રકમ કબજે કર્યાનું જાણવા મળે છે. ગત તા.૦૮મી ઓક્ટોમ્બરના રોજ લીમડી પોલીસને મળેલ બાતમીના આધારે ટાંડી ગામે નવી વસાહત વિસ્તારમાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં રમાતા ગંજીપાનાના જુગારના અડ્ડા પર ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતાં. જુગાર રમી રહેલા કનુભાઈ ગબાભાઈ બુમાણા, પ્રવિણકુમાર બાલુભાઈ શાહને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૧૩,૪૫૦ની રોકડ કબજે કરી હતી. જ્યારે દિનેશભાઈ ઉર્ફે દિના ભાભોર તથા તેની સાથેનો અન્ય એક ઈસમ નાસી જવામાં સફળ રહ્યો હતો. આ સંબંધએ લીમડી પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પાંચ ઈસમોએ એકસયુવી કાર વેચાણ લઈ હપ્તા નહિ ભરી છેતરપિંડી કરતાં ફરિયાદ

દાહોદ,

પાંચ જેટલા ઈસમોએ ગુનાહીત કાવતરૂ રચી મહિન્દ્રા કંપનીની એક્સયુવી કાર વેચાણ લઈ કારના લોનના હપ્તાના રૂપિયા ૪.૫૦ લાખ નહીં ભરી કાર માલિક સાથે છેતરપીંડી, વિશ્વાસ ઘાત કર્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર મધ્યપ્રદેશના સેજાવાડા ગામના દશરથભાઈ મનુભાઈ રાઠોડ, શંકરભાઈ મનુભાઈ રાઠોડ, મનુભાઈ પરમાર તથા દાહોદ તાલુકાના ગડોઈ ગામના નરેશભાઈ રતનસીંગ ગોહીલ એમ પાંચે જણાએ ભેગા મળી પૂર્વ આયોજીત કાવતરૂ રચી, દાહોદ ગારખાયા, અંબે માતાના મંદીરવાળી ગલીમાં રહેતા રાહુલભાઈ ગણેશભાઈ ચાવડા પાસે ગત તારીખ ૭-૮-૨૦૧૮ના રોજ બપોરના ત્રણ વાગ્યાના સુમારે આવ્યા હતા. અને રાહુલભાઈ ગણેશભાઈ ચાવડાની મહિન્દ્રા કંપનીની જીજે-૧૬ બીજી-૩૪૮૬ નંબરની એક્સયુવી કાર વેચાણ કરી લઈ ગયા હતા તે વખતે દર મહિને હપ્તા પેટે અમુક રકમ ભરવાનું નક્કી પણ કરવામાં આવ્યું હતું. પરંતુ કાર વેચાણ લઈ ગયા બાદ આજદિન સુધી કારના લોનના હપ્તાના રૂપિયા ૪,૫૦,૦૦૦ન ભરી કારના માલીક રાહુલભાઈ ગણેશભાઈ ચાવડા સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કર્યો હતો.

આ સંબંધે દાહોદ ગારખાયાના રાહુલભાઈ ગણેશભાઈ ચાવડાએ મધ્યપ્રદેશના સેજાવાડા ગામના દશરથભાઈ મનુભાઈ રાઠોડ, શંકરભાઈ મનુભાઈ રાઠોડ, મનુભાઈ રાઠોડ, પાંચવાડાના જેસીંગભાઈ સેનાભાઈ પરમાર તથા ગડોઈ ગામના નરેશભાઈ રતનસીંગ ગોહીલ વિરૂધ્ધ દાહોદ ટાઉન એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ઈપિકો કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના જેસાવાડા વિસ્તાર માંથી ટ્રેક્ટર લઈ જવાતો ૧.૯૪ લાખનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પોલીસે એક ટ્રેક્ટરમાંથી વિદેશી દારૂ તથા બીયરના કુલ રૂા. ૧,૯૪,૪૦૦ના પ્રોહી જથ્થા સાથે ટ્રેક્ટરની કિંમત મળી કુલ રૂા. ૫,૨૪,૪૦૦ નો જથ્થો કબજે કર્યાનું જ્યારે ટ્રેક્ટરના ચાલક સહિત બે ઈસમો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે. ગત તા.૦૯મી ઓક્ટોમ્બરના રોજ જેસાવાડા પોલીસને મળેલ બાતમીના આધારે જેસાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ટ્રેક્ટર પસાર થતાં પોલીસ સાબદી બની હતી. ટ્રેક્ટરના ચાલક પીન્ટુભાઈ ગણપતભાઈ બારીયા (રહે. ડભવા, તા. ધાનપુર, જી. દાહોદ) અને તેની સાથેનો સંજયભાઈ અમરસિંહ ભાભોર (રહે. આંબલી ખજુરીયા, સિમોડા ફળિયા, તા. ગરબાડા, જી.દાહોદ)નો દુરથી પોલીસને જોઈ બંન્નેએ પોતાના કબજાના ટ્રેક્ટરને સ્થળ પર મુકી નાસી ગયાં હતાં. પોલીસે ટ્રેક્ટરની ટ્રોલીમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૭૨૦ કિંમત રૂા.૧,૯૪,૪૦૦ નો પ્રોહી જથ્થો કબજે કર્યો હતો. આ સંબંધે જેસાવાડા પોલીસે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદમાં ખંડણી કેસની તપાસ કરતી પોલીસને બગાસું ખાતા પતાશું મળ્યું



- SOG પોલીસને ફોરેન્સિક તપાસ દરમિયાન મળેલા મેસેજના આધારે પાંચ લાખની બનાવટી નોટ સાથે બે ઈસમો ઝડપાયા : બે વોન્ટેડ.
- પકડાયેલા બન્ને આરોપીઓએ ૫ લાખની બનાવટી નોટ તાંત્રિક વિધિથી ઓરીજનલ કરવા ભુવાને સોંપી હોવાનો ખુલાસો.
- ગુનાહિત માનસિકતા ધરાવતી મોના-અનિલ ફેસબુકથી સંપર્કમાં આવ્યા બાદ ગર્લફ્રેન્ડ બોયફ્રેન્ડ બન્યા.

### ખંડણી કેસમાં પકડાયેલા મોના અને અનિલ facebook થી મિત્ર બન્યા બાદ પ્રેમ સબંધમાં બંધાયા હતા

મોનાલી ઉર્ફે મોના બામણએ પકડાયેલા અનીલ પરમાર સાથે રહી સંબંધીની પત્નીનો કથિત રીતનો વાયરલ થયેલો વિડિઓ આપી ખંડણીનો રેકેટ ઉભો કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. જેમાં અનીલ અને મોના ફેસબુકના માધ્યમથી નજીક આવ્યા હતા. બન્ને વચ્ચે મીત્રતા કેળવ્યા બાદ આ બન્ને બોય ફ્રેન્ડ ગર્લ ફ્રેન્ડ તરીકે સંબંધો ધરાવતા હતા.

### ગુનાહિત માનસિકતા ધરાવતી મોના બામણનું ખંડણી બાદ બનાવટી નોટ પ્રકરણમાં સંડોવણી..??

ઉપરોક્ત પ્રકરણમાં ઝડપાયેલી મોનાલી ઉર્ફે મોના બામણ ગુનાહિત માનસિકતા ધરાવતી હોવાથી ખંડણી માટે પણ તેને તેના સંબંધીની પત્નીનો વિડિઓ ઉપરોક્ત આરોપી સુધી પહોંચાડ્યો હતો. તો બીજી તરફ બનાવટી નોટ પ્રકરણમાં તેનું નામ ફલક પર આવતા મોનાલી ઉર્ફે મોના બામણ અન્ય કેટલા પ્રકરણમાં સંડોવાયેલી તે પણ પોલીસ તપાસનો વિષય બની જવા પામી છે.

દાહોદ,

દાહોદ જીલ્લામાં તાજેતરમાં પરિણીતાના ન્યુડ ફોટા વાયરલ કરી ખંડણી માંગવાના કિસનો દાહોદ પોલીસે પર્દાફાશ કર્યો હતો. જેમાં બે યુવકો તેમજ એક મહિલાની સંડોવણી બહાર આવવા પામી હતી. આ સમગ્ર પ્રકરણમાં ખંડણીખોરોએ ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કર્યો હોવાથી આ સમગ્ર કેસની ઝીણવટ ભરી તપાસ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હતી અને પકડાયેલા ત્રણેય આરોપીઓના મોબાઈલ ફોનની ફોરેન્સિક તપાસ દરમિયાન દાહોદ SOG પોલીસને આરોપીના મોબાઈલમાંથી એક મેસેજ મળ્યો અને આ મેસેજના આધારે કરેલી તપાસ બાદ SOG પોલીસે વધુ એક ચોકાવનારા પ્રકરણનો પર્દાફાશ કર્યો છે. જેમાં બે આરોપીઓને પાંચ લાખ ઉપરાંતની બનાવટી નોટો સાથે ઝડપી પાડયા છે, જ્યારે આ નકલી નોટો પ્રકરણમાં અન્ય બે લોકોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. ત્યારે ઉપરોક્ત પકડાયેલા ઈસમોએ બનાવટી નોટોને તાંત્રિક વિધિ મારફતે ઓરીજનલ કરવા માટે ભુવાને સોંપી હતી. SOG પોલીસે ઉપરોક્ત ભુવાના ઘરે છાપામારી કરી પાંચ લાખ ઉપરાંતની બનાવટી ચલની નોટો કબ્જે કરી છે, તેમજ બંને વોન્ટેડ આરોપીઓને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

સાયબર ક્રાઈમના નિષ્ણાંત ગણાતા પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલાના નિર્દેશનમાં સાયબર ક્રાઈમ તેમજ એસ.ઓ.જી. પોલીસની એક મહિનાની તપાસ દરમિયાન ખંડણી માંગવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. જેમાં ફરિયાદીના સગા સંબંધી મોના ઉર્ફે મોનાલીસા બામણ તેમજ ફેસબુક મારફતે મિત્રતા કેળવી પ્રેમ સંબંધમાં બંધાયેલા અનિલ પરમાર તેમજ ખંડણી માંગનાર મુખ્ય સૂત્રધાર ધવલ પરમાર સાથે મળી પરિણીતાના ન્યુડ ફોટો વાયરલ કરવાની ધમકી આપી ૯૦ લાખ રૂપિયાની માંગણી કરાઈ હતી. તે કેસમાં ઝડપાયેલા એક મહિલા સહીત ઝડપાયેલા આરોપીઓએ ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કર્યો હોવાથી SOG પોલીસે ત્રણેયના મોબાઈલ ફોનની ઝીણવટ ભરી તપાસ હાથ ધરતા પકડાયેલા અનીલ પરમાર અને મોના બામણના મોબાઈલ ફોન માંથી ફોરેન્સિક તપાસમાં બનાવટી નોટો અંગેનો એક મેસેજ મળી આવતા પોલીસ ચોકી ઉઠી હતી અને અનીલ પરમાર તેમજ મોના બામણની પુછપરછ બાદ તપાસનો રેલો દાહોદ તાલુકાના તરવાડીયા વજા નિશાળ ફળિયાના મંગળીયા મનુ ડામોર સુધી પહોંચ્યો હતો. જેને તેના એક મિત્રની મદદથી બનાવટી નોટો પ્રિન્ટ કરી હોવાનું ચોકાવનારા ખુલાસા સામે આવ્યા હતા. પોલીસ પૂછપરછ દરમિયાન મંગળીયા એ તેના મામા કલેશ ટીટુ સંગાડા રહેવાસી ઈટાવા કોટવાલ ફળિયું પાસે મૂક્યું હોવાનું જણાવતા પોલીસે બંનેની ધરપકડ કરી હતી. ત્યારબાદ પ્રિન્ટ કરેલી નકલી નોટો અંગે પૂછતા દાહોદ તાલુકાના નાની ખરજ ગામે રહેતા ભીમસીંગ રમસુ ગણાવા કે જે એ ભુવો હોવાથી બનાવટી નોટોને ત્રાંત્રિક વીધી કરી ઓરીજનલ નોટો બનાવી આપવા માટે સોપી હોવાની કબૂલાત કરતા પોલીસે ભુવા કહેવાતા હીમસીંગ નરસુ ગણાવાના ઘરે દરોડો પાડતા તેના ઘરેથી ૫,૦૭,૫૦૦ ની બનાવટી નોટો કબ્જે લઈ અન્ય એક શૈલેષ માનસિંગ મોહનિયા રહેવાસી સારમારિયા તાલુકા ઝાલોદ સહીત ચાર ઈસમો સામે ગુનો દાખલ કર્યો હતો તેમજ આ નોટોને કલર કરી ઝેરોક્ષ કરાઈ હતી. તેમજ આ બનાવટી નોટોના રેકેટમાં સામેલ હતો તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.43

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## શહેરા તાલુકા પંચાયત વિરોધપક્ષ નેતા

# જે.બી. સોલંકી ઉપર રેફરલ હોસ્પિટલ પાસે અજાણ્યા ઈસમોએ જીવલેણ હુમલો કર્યો





- ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.
- કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓ હોસ્પિટલ ખાતે પહોંચ્યા.



જશવંતસિંહ બળવંત સિંહ સોલંકી વાડી વલ્લભપુરનાઓ સી.એચ.સી સેન્ટર શહેરા થી પસાર થતા હતા. ત્યારે એક સ્કોર્પિયો અને આઈ ટ્વેન્ટી વાહન તેઓના વાહન સાથે અથડાયેલ વાહન માંથી સાત થી આઠ ઈસમો ઉતરીને તેઓ સાથે મારા મારી કરીને ધારદાર હથિયાર થી તેઓના ડાબા પગે ઈજા કરેલ છે. લાકડી થી અને હોકી થી પણ માર મારેલ છે અને તેઓ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ છે.
પી.આર.રાઠોડ DYSP, ગોધરા......

ગોધરા,
શહેરા તાલુકા પંચાયત વિરોધ પક્ષ નેતા જે.બી.સોલંકી ઉપર રેફરલ હોસ્પીટલ પાસે અજાણ્યાં ઈસમોએ જીવલેણ હુમલો કર્યો હતો. બે કાર માં આવેલા હુમલાખોરો એ જશવંત સિંહ સોલંકી પર લાકડી અને ધારદાર હથિયાર વડે હુમલો કરતા શરીરના ડાબા પગના ભાગે ગંભીર ઈજા થતા સારવાર અર્થે જિલ્લાની મુખ્ય સિવિલ હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બનેલી આ ઘટનાને લઈને કોંગ્રેસ નેતા ભરત સિંહ સોલંકી સહિત કોંગ્રેસના ટોચના નેતાઓ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

શહેરા ના રેફરલ હોસ્પિટલ પાસે કેટલાક અજાણ્યાં ઈસમોએ તાલુકા પંચાયતના કોંગ્રેસનાં વિરોધ પક્ષનાં નેતા જે.બી. સોલંકી ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. જશવંત સિંહ સોલંકીની ગાડી સાથે સ્કોર્પિયો અને અન્ય ગાડી અથડાયા બાદ અજાણ્યાં ઈસમો દ્વારા માર મારીને લાકડી અને ધારદાર હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. હૂમલામાં જે બી સોલંકીને શરીરના ડાબા પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેને લઈ જે.બી. સોલંકી ને ઈજાગ્રસ્ત હાલતમાં શરૂઆતમાં રેફરલ હોસ્પિટલ ખાતે ત્યારબાદ બાદ વધુ સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ૧૦૮ દ્વારા લઈ જવામાં આવતા ત્યાં હાજર તબીબો દ્વારા હુમલામાં ઈજાગ્રસ્ત થયેલ જે.બી.સોલંકીની સારવાર શરૂ કરવામાં આવી હતી. જોકે, ગોધરા ખાતે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા ઑની ઉપસ્થિતિ મા સમીક્ષા સંવાદ સંકલ્પ અને માર્ગ દર્શન બેઠકનું આયોજન કરવામા આવ્યું. જેમાં કોગ્રેસનાં વરિષ્ઠ નેતા મુકુલ વાસનિક, ભરતસિંહ સોલંકી, ઉષા નાયડુ, શૈલેષ પરમારને હુમલાની જાણ થતાં તમામ નેતા ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે પહોચ્યા હતા. અને કોગ્રેસ નેતા પર થયેલ હૂમલાને લઈ પ્રતિક્રિયા આપતા ભરતસિંહ સોલંકીએ કાયદો તો કાયદાનું કામ કરશે, પણ અમારો પક્ષ પણ કાર્યકર માટે કામ કરનાર છે.આ તરફ બનાવને લઈ પોલીસ દ્વારા ફરીયાદ નોધવાની તજવીજ તેમજ અજાણ્યાં હૂમલા ખોરોને ઝડપી પાડવા ચક્રોગતીમાન કરવામાં આવ્યા છે. જોકે, શહેરા તાલુકા કોંગ્રેસ પક્ષના અગ્રણી જે.બી.સોલંકી પર જીવલેણ હુમલો થતા રાજકીય પક્ષમાં બનેલ ઘટનાને લઈને ચર્ચાનું જોર પકડવા સાથે કોંગ્રેસ અગ્રણીઓ અને કાર્યકરો પોલીસ પાસે હુમલાખોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવે એવી આશા અપેક્ષા રાખી રહ્યા હતા. તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા પર કયા હુમલાખોરોએ જીવલેણ હુમલો કરેલ તે પોલીસ તપાસમાં બહાર આવી જશે તેમ છે.

## વીલના આધારે વાવડી બુર્ઝંગની નોંધ નં.૧૦૪૯૯ના મુળના ખેડુત ના હોય તેવા વર્ષાબેન ભગતની જમીન ખાલસા કરવા માંગ

ગોધરા,
વાવડી (બુર્ઝગ)ના રે.સ.નં.૨૫૩ પૈકી -૨/પૈકી-૧, ૨૫૩ પૈકી-૩ ક્ષેત્રફળ ૦-૬૮-૮૦-૦૦૬-૦૭ની જમીનોમાં પટેલ વિમળાબેન મણીભાઈનાઓને ૧૧/૦૮/૨૦૦૮ ખેડુત ખરાઈનો દાખલો પેટલાદ મામલતદાર કચેરીએથી દાખલો આપી અરજદાર ભગત વર્ષાબેન વસંત જે પટેલ વિમળાબેનની પત્ની નામે આપેલ છે. જેનો નં.આર.ટી. એસ.એસ.આર.૨/૬૯/૨૦૦૮ તા.૧૧/૦૮/૨૦૦૮થી ખરાઈ થયેલ આવેલ ખેડુત ખાત્રી કરી નોંધ નં.૧૦૪૯૯ તા.૧૬/૦૯/૨૦૦૮ નારોજ રે.સ.નં.૨૫૩ P-2 /P-1 માં એમ.એસ.વણકર સર્કલ ઓફિસર નિવૃત દ્વારા તા.૦૨/૧૨/૨૦૦૮ નારોજ વર્ષાબેન વસંગ ભગત તથા તેઓના મુળ ખેડુત બનેલ છે. પરંતુ જે હાલ ગોધરા રે.સ.નં.૨૫૩ વાવડી બુર્ઝગવાળી જમીનોમાં તેઓના પિતાથી આણંદ જીલ્લાના પેટલા તાલુકાના ગામ સ.નં. ૬૫૬/ પૈકી/ ૨ ખાતા નં.૨૪૨ ખેતીની જમીન વેચાણ નોંધ નં.૯૫૪૨ તા.૨૦/૦૭/૨૦૦૨ થી જમીન ધારણ કરેલ હોય પરંતુ મણીભાઈ રણછોડભાઈ પટેલ ખેડુત હતા કે નહીં તેની કોઈ તપાસ કર્યા વગર વર્ષાબેનને ખેડુત અંગેનું પ્રમાણપત્ર મામલતદાર પેટલાદ દ્વારા ખોટું રેવન્યુ રેકર્ડ તપાસ કર્યા વગર કાઢી આપેલ છે.

આમ, વર્ષાબેન વસંત ભગત જે ખેડુત બનેલની હકીકતો રેવન્યુ રેકર્ડ મોજે (નાર ગામ) તાલુકા પેટલાદ, જીલ્લા-આણંદના સ.નં.૧૬૩૧ની જમીન અંગેનું વર્ષાબેનની માતા વિમળાબેન મણીભાઈ મુળજીભાઈની વિધવાનું ખેડુત સર્ટી રજુ કરેલ છે. જે રેવન્યુ કાયદા વિરૂદ્ધનું છે અને ખોટું મેળવેલ છે. કારણ કે, સદર જમીનની હકીકત જોવામાં આવે તો સદર ગામની નોંધ નં.૧૧૩૫૫ સને ૧૯૯૮થી તેવોનું નામ વીલથી દાખલ થયેલ છે. જેથી વીલથી ખેડુત બાબતે બનેલની તમામ મિલ્કતો વર્ષાબેન ભગત તથા વારસો દ્વારા તમામ મિલ્કતો સરકારશ્રી થાય તેમ છે. વધુમાં મુળ પેટલાદ સોમાભાઈ મળુજીભાઈના ખાતે ચાલતી આવેલ જમીનો નોંધ નં.૬૮૭૧ તા.૨૨/૦૬/૧૯૭૩ એને તેઓની નોંધ નંબરો ૫૪૧૦/૬૭૬૫/૭૩૪૪/ તેવો એ જણાવેલ જમીનો ૧૯૭૨માં વેચાણ રાખેલ જમીનો પણ શ્રીસરકાર દાખલ થવા પાત્ર છે.

સદર બિનખેડુત જમીન ખરીદી શકે નહી કે વીલ વસીયતથી ખેડુત બનતા નથી. તેવો સુપ્રિમ કોર્ટે હુકમ કરેલ છે અને બોગસ ખેડુતનો કેસ ચલાવાની જવાબદારીઓ કૃષીપંચ ગોધરા ગ્રામ્ય મામલતદાર, જવાબદાર વહિવટી સરકાર દ્વારા શીલાબેન ભેરુસિંહ નાયક તથા પ્રાંપ અધિકારીની સંપૂણ જવાબદારી સરકારના હિત અંગે જવાબદારીઓ બને છે. જેથી વર્ષાબેન વસંત ભગત ખેડુત ના હોય તેમની તમામ મિલ્કત શ્રીસરકાર હસ્તક થાય તેવું છે.

## મિલેટ ડેવલોપમેન્ટ યોજના હેઠળ હાલોલ તાલુકાના તાજપુરા ખાતે ધારાસભ્યના અધ્યક્ષસ્થાને કૃષિ મેળો યોજાયો



ગોધરા,
લોકોમાં મિલેટ ધાન્ય પાકો અંગે જાગૃતિ વધે અને લોકો મિલેટનો રોજીંદા જીવનમાં વપરાશ કરતા થાય તે હેતુથી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઘોષિત કરવામાં આવ્યું છે. પંચમહાલ જીલ્લામાં મિલેટ ધાન્ય પાકો અને પ્રાકૃતિક કૃષિ અંગે ખેડૂતોમાં જન જાગૃતિ ફેલાય તે માટે જીલ્લા ખેતીવાડી વિભાગ સહિતના વિભાગો દ્વારા તાલુકા કક્ષાના કૃષિ મેળાઓ યોજાઈ રહ્યાં છે. જેના અનુસંધાને હાલોલ તાલુકાના તાજપુરા ખાતે ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારની અધ્યક્ષતામાં તાલુકા કક્ષાના કૃષિ મેળાનું આયોજન કરાયું હતું. આ કૃષિ મેળામાં ધારાસભ્યએ ઉપસ્થિત ખેડૂતોને મિલેટ અનાજ અને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ખેડૂતોને હાકલ કરી હતી કે, રાસાયણિક ખેતી છોડીને ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને મિલેટ ધાન્યનું વાવેતર કરીને સ્વસ્થ્ય સમાજના નિર્માણમાં ભૂમિકા ભજવે. આ પ્રસંગે રિસર્ચ વૈજ્ઞાનિક દ્વારા આ કૃષિ અને તેના ફાયદા અંગે જાણકારી આપવામાં આવી હતી.

અહીં નોંધનીય છે કે, મિલેટ ધાન્ય વિવિધ મિનરલથી ભરપૂર હોય છે. જે શરીરમાં ઘણા પોષક તત્વો પૂરા પાડે છે તેમજ રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં મદદરૂપ થાય છે. આજના સમયમાં ખોરાકમાંથી મિલેટ ધાન્ય લુપ્ત થતાં જાય છે જેથી તેનો રોજીંદા જીવનમાં વ્યાપ વધારવા સરકાર તરફથી જન જાગૃતિ વધારવા માટે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જે હેઠળ આ કૃષિ મેળાનું આયોજન કરાયું હતું. કૃષિ મેળામાં તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ, જીલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યઓ, ખેતીવાડી શાખાનાઅધિકારીઓ, કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા ખાતે કોંગ્રેસી નેતાઓની અધ્યક્ષતામાં સંવાદ સમીક્ષા બેઠક યોજવામાં આવી



ગોધરા,
૧૮ પંચમહાલ લોકસભા બેઠક માટે સંવાદ સમીક્ષા સંકલ્પ અને માર્ગદર્શન બાબતે ગોધરા ખાતે બી.આર.જી.એફ હોલ ખાતે પંચમહાલ, ખેડા અને મહીસાગર જિલ્લાના કોંગ્રેસ આગેવાનોની બેઠક મળી હતી. જેમાં એ.આઇ.સી.સી. તરફ થી ગુજરાત કોંગ્રેસ પ્રભારી અને રાજયસભા સાંસદ મુકલ વાસનીક પંચમહાલ લોકસભા નિરીક્ષક અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરત સિંહ સોલંકી મધ્ય ઝોન પ્રભારી ઉષા નાયડુ વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના ઉપ દંડક અને ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર લુણાવાડાના ધારાભ્ય ગુલાબ સિંહની ઉપસ્થિતિમાં મીટીંગ મળી હતી મીટીંગમાં લોકસભા ચૂંટણીને લઈને પક્ષને સંગઠિત કરી સંગઠનને વધુ મજબૂત કરવા આહવાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજિતસિંહ ભાટી, ખેડા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ચંદ્રશેખર ડાભી, મહીસાગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ પટેલ સહિત જિલ્લાના નિરીક્ષકો, ચિરાગભાઈ શેખ, ભીખાભાઈ રબારી, અશોક પંજાબી સહિત પૂર્વ ધારાસભ્યો, પૂર્વ જિલ્લા પ્રમુખો, મહિલા કોંગ્રેસ, એન.એસ.યું.આઇ. યુથ કોંગ્રેસ, એસ.ટી, એસ.સી. શેલ, માયનોરીટી શેલ, કિશાન શેલ, જિલ્લા-તાલુકા સંગઠનના પ્રમુખો, આગેવાનો, નગરપાલિકાના સભ્યો, વિધાનસભા, જિલ્લા/તાલુકા/નગર પાલિકા ચૂંટણીના ઉમેદવારો સહિત કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ પંચમહાલ જીલ્લા દ્વારા TET-1-2 અને TAT-1ના સહાયકોની ભરતી અંતર્ગત કરાર આધારિત ભરતીના બદલે કાયમી ભરતી કરવામાં આવે તેવી પંચમહાલ જીલ્લા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા.

## પાવાગઢ નીજ મંદિરમાં નવરાત્રીમાં દર્શન સમયમાં વધારો કરાયો



પાવાગઢ,
સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢના મહાકાળી મંદિર ટ્રસ્ટ દ્વારા આગામી આસો નવરાત્રી દરમ્યાન નિજ મંદિરના દ્વાર માઈભક્તો માટે ખુલ્લા રાખવા અંગે જાહેરાત કરવામાં આવી છે. નવરાત્રિને લઈ પાવાગઢ મંદિર ખાતે દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આસો સુદ એકમથી પૂનમ સુધી ત્રણ દિવસ દરમ્યાન દર્શનના સમયમાં એક કલાકનો વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે. નવરાત્રી દરમ્યાન બે દિવસ માટે એટલે કે એકમનું પહેલું નોરતું અને આઠમના આઠમાં નોરતે દર્શનના સમયમાં વધારો કરવામાં આવ્યો છે. નવરાત્રીના આ બંને દિવસોની સાથે પૂનમના દિવસે પણ નિજ મંદિરના દ્વારા સવારે ૪ વાગ્યે ખુલશે અને રાત્રિના ૯ કલાક સુધી માતાજીના દર્શન કરી શકાશે. જ્યારે એકમથી પૂર્ણિમા સુધીના અન્ય દિવસો દરમિયાન મંદિરના દ્વાર સવારે ૫ વાગ્યે ખોલવામાં આવશે અને રાત્રિના ૯ કલાક સુધી મંદિરના દ્વાર દર્શનાર્થીઓ માટે ખુલ્લા રહેશે. વર્ષનું બીજું સૂર્યગ્રહણ ૧૪ ઓક્ટોબરે થવા જઈ રહ્યું છે. ગ્રહણ બાદ તરત જ આશો નવરાત્રિ શરૂ થશે.૧૪ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ શનિવારે રાત્રે ૮:૪૫ કલાકે સૂર્યગ્રહણ થશે. જે લગભગ ૬ કલાક ચાલશે અને ૨:૩૫ કલાકે સમાપ્ત થશે. આવી સ્થિતિમાં ગ્રહણના પડછાયા હેઠળ નવરાત્રિ શરૂ થશે. ગ્રહણને શુભ માનવામાં ઙ્આવતું નથી કારણ થાય છે કે, ગ્રહણના સમયે સુતક કાળ શરૂ.

આશો નવરાત્રિની શરૂઆત ૧૪મી ઓક્ટોબરે રાત્રે ૧૧:૨૪ કલાકે થશે. ત્યારે ગ્રહણનો સમયગાળો ચાલુ રહેશે, પરંતુ સૂર્ય ગ્રહણની અસર નવરાત્રીની પૂજા પર પડતી નથી. નવરાત્રિમાં ઘટસ્થાપનને વધુ મહત્વ આપવામાં આવ્યું છે. એટલા માટે નવરાત્રિની તારીખ શરૂ થયા પછી પણ ગ્રહણની કોઈ અસર નહીં થાય. કારણ કે ઘટસ્થાપનનો સમય સવારનો હશે. ઘટસ્થાપન સમયે સંપૂર્ણ વિધિપૂર્વક સ્થાપના કરવી જોઈએ.

## ગોધરા માર્કેટીંગયાર્ડ રાણા સોસાયટીમાં પાણીની સમસ્યાથી પરેશાન રહિશો દ્વારા પાલિકા પ્રમુખને લેખિત રજુઆત કરાઈ

### પાણીની નવી મોટી પાઈપો નાખી સમસ્યા ઉકેલવા માટે માંગ



ગોધરા,
ગોધરા નગર પાલિકા વિસ્તારની માર્કેટીંગયાર્ડ રાણા સોસાયટીમાં છેલ્લા ૨૫ દિવસોથી પાણીનો પુરવઠો આવતો નથી. અને તેમાં પણ જે વિસ્તારમાં પાણી આવે છે ત્યાં બિલકુલ લો પ્રેશરથી ધીમું આવે છે. પાણીની સમસ્યાને લઈ રહિશો ભારે પરેશાન થઈ રહ્યા છે.

ગોધરા પાલિકામાં રાણા સોસાયટીના રહિશો દ્વારા રજુઆત કરાઈ કે જેમ જેમ સમય પસાર થઈ રહ્યો છે. તેમ વસ્તીમાં વધારો થઈ રહ્યો છે અને નળના કનેકશનમાં વધારો થયો છે. જે સમયે પાણીની પાઈપો નખાઈ છે. જેને કારણે આ વિસ્તારમાં પાણીની સમસ્યા ઉદ્દભવી છે. ત્યારે પાલિકા દ્વારા રહિશોની પાણીની સમસ્યાના કાયમી હલ કરવા માટે આ વિસ્તારમાં પાણીની લાઈન માટે નવી મોટી સાઈઝની પાઈપો નાખવામાં આવે તો જે લોકોને પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. તેનો નિકાલ આવી શકે છે. રાણા સોસાયટીના રહિશો પાણી નહિ મળવાથી હેરાન પરેશાન થઈ રહ્યા હોય જેને લઈ રહિશો દ્વારા ગોધરા પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરાઈ છે.

## જવાહર નવોદય વિદ્યાલય,વેજલપુર ખાતે વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની ઉજવણી કરાઈ



ગોધરા,
જનરલ હોસ્પિટલ ગોધરાના માનસિક રોગ વિભાગ તથા જનરલ નર્સિંગ સ્કૂલ ગોધરાના સંયુકત ઉપક્રમે જવાહર નવોદય વિદ્યાલય, વેજલપુર ખાતે વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની ઉજવણી કરાઈ હતી. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને ડિપ્રેશન અને આત્મહત્યા નિવારણ અંગે નાટક તથા માનસિક રોગના પ્રકારો વિશે ચાર્ટ દ્વારા વિસ્તૃત માહિતી અપાઈ હતી.

આ કાર્યક્રમમાં માનસિક રોગના નિષ્ણાંત ડો.પિનલ ગાંધી અને ડૉ.નરેશ નિનામાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં વિજય ભરવાડ તથા ભાગ્ય ચૌહાણ દ્વારા માનસિક બીમારીના જોખમી પરીબળો, તેની સારવાર અને તેને અટકાવવા માટેના પગલા તથા માનસિક સ્વાસ્થ્ય જન જાગૃતિ વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં જવાહર નવોદય વિદ્યાલયના અંદાજે ૩૫૦ વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટી મેમ્બર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલ-ડેરોલ સ્થિત ફાટક પર ઓવરબ્રિજની કામગીરી પુનઃ શરૂ કરાઈ

કાલોલ,
ડેરોલ સ્ટેશન ખાતે ફાટક નં-૩૨ પર રેલ્વે ઓવરબ્રિજ બનાવવા માટે જાન્યુઆરી-૨૦૧૭માં ગુજરાત સરકારના તત્કાલિક નાયબ મુખ્યમંત્રીના હસ્તે ખાતામુર્હુત કર્યુ હતુ. જેની તાંત્રિક કામગીરી એપ્રિલ-૨૦૧૭ થી શરૂ કરી હતી. ઓવરબ્રિજ તત્કાલિન સમયે અઢાર માસના અંતે ૨૦૧૮માં પુર્ણ થવાની હતી. પરંતુ કામગીરી હાથ ધરી એના ચાર મહિના પછી ઓવરબ્રિજ બનાવનાર કંપની અને સરકાર વચ્ચે નાણાંકિય મામલે ગડબડ સર્જાતા ઓવરબ્રિજ બનાવનાર કંપનીએ જુલાઈ-૨૦૧૮થી કામગીરી સમેટી લેતા પાછલા સાડા પાંચ વર્ષથી ઓવરબ્રિજની કામગીરી ખોરંભે પડી હતી. જેને કારણે એક તરફ ઓવરબ્રિજની કામગીરી બંધ અને બીજી તરફ પાછલા છ વર્ષથી મુખ્ય ફાટક બંધ કરી દેતા સ્થાનિક ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને ૩ જિલ્લાને અસર કરતા અનેક વાહનચાલકોને હાલાકી પડી રહી હતી. જેને લઈ ડેરોલ સ્ટેશન રેલ્વે સંઘર્ષ સમિતિ, ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયત અને અસરગ્રસ્તો દ્વારા ઓવરબ્રિજની કામગીરી શરૂ કરતા કે પછી ફાટક ખોલી આપવા માટે વારંવાર રજુઆત કરવા છતાં વચગાળાના સમયમાં બે વિધાનસભા, એક લોકસભા, સ્થાનિક સ્વરાજ અને ગ્રામ પંચાયતની ચુંટણીઓ પણ પસાર થઈ અનેક હોદ્દેદારો બદલાઈ જવા છતાં તંત્રના પેટનુ પાણી પણ નહિ હાલતા છેવ્ટે ગ્રામજનોએ, વિદ્યાર્થીઓએ આંદોલનો કરવા પડ્યા હતા. જેને પગલે રેલ્વે તંત્ર દ્વારા વચગાળાના વિકલ્પ માટે ૨.૭૦ મીટર ઉંચુ અને ૫.૫૦ મીટર પહોળુ અંડરગ્રાઉન્ડ ગરનાળુ મંજુર કરી ગત વર્ષે રૂપિયા પાંચ કરોડના ખર્ચે ફાટક પાસે અંડરગ્રાઉન્ડ ગરનાળુ બનાવતા સ્થાનિકોએ આંશિક રાહત અનુભવી હતી. અસરગ્રસ્તોએ વર્તમાન સાંસદ અને નવા ધારાસભ્યને રજુઆતો કરતા આઝાદીના અમૃતકાલ મહોત્સવ અંતર્ગત ઓગસ્ટ મહિનામાં પુનઃ કામગીરીન તાંત્રિક મજુરી મળતા છેવટે સાડા પાંચ વર્ષના વ્હાણા વહી ગયા બાદ તાજેતરમાં રેલ્વે ઓવરબ્રિજની કામગીરીનો પુનઃ પ્રારંભ થતાં સૌથી આતુરતાનો અંત આવ્યો હોવાની આનંદની લાગણી પ્રસરી ગઈ છે. વર્ષ-૨૦૧૭માં મંજુર કરાયેલ ઓવરબ્રિજ કેન્દ્રના રેલ્વે અને રાજય સરકારની ભાગીદારીથી ગ્રાન્ટમાંથી બનાવતો હતો. જ્યારે હવે રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા અધુરી કામગીરીના અંદાજે રૂ.૧૯.૪૫ કરોડના ખર્ચે બનીને આગામી ૧૧ મહિનામાં બનીને તૈયાર થઈ જશે તેવુ માર્ગ અને મકાન વિભાગ હાલોલ કચેરીના મુખ્ય ઈજનેરે જણાવ્યુ હતુ.

## ઘોઘંબા તાલુકાના રણજીતનગર ખાતે સમૃદ્ધિ દિવસની ઉજવણી કરાઈ



ગોધરા,
પ્રધાનમંત્રી દ્વારા તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ Aspirational Blocks Programme (ABP) અંતર્ગત સંકલ્પ સપ્તાહ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી દ્વારા આકાંક્ષી તાલુકાઓને પ્રેરણાદાયી તાલુકાઓ તરીકે વિકસાવવા પર ખાસ ભાર મુકાયો હતો.

સંકલ્પ સપ્તાહ- સબકી આકાંક્ષા સબકા વિકાસ અંતર્ગત પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના રણજીતનગર ખાતે સમૃદ્ધિ દિવસની ગુણવત્તાસભર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સખીમંડળની બહેનો તેમજ ગામના યુવક યુવતીઓએ હાજરી આપી હતી.

ત્રણસ્વસહાયજૂથદ્વારા પોતાની નિર્મિત/ ઉત્પાદિત ચીજ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ માટે સ્ટોલ ઊભા કરાયા હતા.કાર્યક્રમમાં ઉપસ્થિતોને આઈ.ટી.આઈ દ્વારા આપવામાં આવતી તાલીમ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ સાથે તાલીમાર્થીઓને સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ બાબતે અવગત કરી પ્રોત્સાહિત કરાયા હતા. "સમૃદ્ધિ દિવસઅન્વયેસ્વ-સહાયજૂથો, ગ્રામ સંગઠનો અને ક્લસ્ટર લેવલે બેઠકનું પણ આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમમાં જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના જીલ્લા લાઈવલી હુડ મેનેજર, આઈ.ટી.આઈ.ના આચાર્ય, આરસેટી અરવિંદભાઈ, એન.આર.એલ.એમ યોજનાનો જીલ્લા અને તાલુકાનો સ્ટાફ સહિત સખીમંડળની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.